ભક્તકવિશ્રી

ચતુર્ભુજદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI CHATURBHUJDAS
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૩૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

ભક્તકવિ ચતુર્ભુજદાસજી

“શ્રી હરિવંશ” ચરન બલ “ચતુરભુજ” ગૌડ દેશ તીરથ કિયૌ ।
ગાયો ભક્તિ પ્રતાપ સબહિ દાસત્વ દઢાયો ॥
રાધા વલ્લભં ભજન અનન્યતા વર્ગ બઢાયૌ ।
“મુરલીધર” કી છાપ કવિત્ત અતિ હી નિર્દૂષન ॥
ભક્તનિ કી અંઘ્રિરેનુ બહૈ ધારી સિર ભૂષન ।
સતસંગ મહા આનંદ મેં પ્રેમ રહત ભિજ્યૌ હિયો ॥
શ્રી હરિવંશ ચરન બલ ચતુરભુજ ગૌડ દેશ તીરથ કિયૌ ।

ભક્તમાલ

चतुर्भुजदास की कविता में भक्ति-भावना और शृंगार की अच्छी छटा दिखलायी देती है । काव्य-सौंदर्य की दृष्टि से भी यह उत्तम् रचना है । उन्होनें अपने पदोंमें भगवान श्री कृष्ण के जन्म से लेकर गोपी-विरह तक की व्रजलीला का गायन किया है ॥

– प्रभु दयाल मीत्तल

શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલા

શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલા, તુમ બિન રહ્યો ન જાય હો
વ્રજરાજ લડે તેં લાડીલે...

શૈશવમાં રોજ સાંજે હવેલીમાં ઠાકોરજી સન્મુખ મારાં માતા સમાન કાકી આંખમાં લગભગ આંસુ સાથે આ વિરહપદ ગાતાં, ત્યારે છસાત વર્ષનો આ બાળક એમના ખોળામાં હોય...આ પદ એ દિવસોથી હૈયામાં અંકોરાઈ ગયું હતું... સાંજના આરતી ટાણે વ્યવસાયેથી પાછો ફરું ત્યારે પત્ની નિર્મળાના કંઠે આ જ પદ ટહુકતું હોય...એક ભક્ત-કવિની વિરહવેદનાના આ અદ્‌ભુત પદે... મને ઓતપ્રોત તો કર્યો ત્યારે, જ્યારે મારી દીકરી ઉન્મેષા...અને એની બે ફૂલ જેવી કોમળ... ચાર વર્ષની તન્વિષા અને છ વર્ષની નિયતિ - રોજ સાંજે આ પદના ગાનમાં તન્મય થઈ ગાતી હતી... ત્રણેયનો એક સૂર... એક લય... અને એક તાર - આંખો સામે... શ્રી ગોવર્ધન પર્વત... શ્રી ગોવર્ધન-નાથ... અને એ ગિરિરાજ પરની આથમતી સંધ્યા... એ વખતે આંખો સામે ખડાં કરી દેતાં હતાં...આજે પણ અમેરિકાવાસી દાદાની દૌહિત્રીઓ એમના કાગળોમાં તૂટ્યાફૂટ્યા શબ્દોમાં લખે છે : “દાદા... અમે ગોવર્ધનવાસીનું પદ સાંજના અહીં પણ ગાઈએ છીએ” ત્યારે - પ્રભુના જેટલો જ દૌહિત્રીઓનો વિરહ - લૌકિક-અલૌકિક વચ્ચે ઝોલાં ખાતો અંતરને અકળાવે છે.

આવા પદના સર્જક કવિ વિષે કશુંક લખવાની તક શ્રી વલ્લભે મને આપી એ બદલ.. એમનો...આભાર... એમની કૃપાથી “અષ્ટસખા ગ્રંથાવલિ” સર્જનનું મહાભારત કાર્ય પૂરું થયું... એ શ્રી વલ્લભને સમર્પી વિરમું છું... પ્રભુ તુમ્હારે શરણ...“સર્જન” તમારે શરણ

- જશવંત મહેતા

નંદાભુવન, બ્લોક નં ૧૫,
બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ)
મુંબઈ ૪૦૦૦૫૬
તા. ૧૩-૩-૧૯૯૮ - ધૂળેટી.

“તુમ બીન રહ્યો ન જાઇ”

શ્રી હરિવંશ ચરનબલ ચતુરભુજ ગૌડ દેશ તીરથ કિયો ।
ગાયો ભક્તિ પ્રતાપ સબહિ દાસત્વ બઢાયો ॥

“ભક્તમાલ”માં “ચતુર્ભુજદાસ” નામના બે કવિઓનો ઉલ્લેખ આવે છે, એમાં અષ્ટછાપ કવિ તરીકે બેમાંથી એકેયનો સીધો ઉલ્લેખ નથી. પરંતુ એક ચતુર્ભુજદાસ માટે ઉપરની પરિચયાત્મક પંક્તિમાંથી - ખાસ કરીને પુષ્ટિસંપ્રદાયના ભક્તોમાં રહેલી દાસત્વની જે ભાવના રહેલી છે એનો સંદર્ભ “ભક્તમાલ”ની આ કવિતામાં જોવા મળે છે. એના ઉપરથી આ ભક્તકવિ “અષ્ટસખા છાપ” કવિ ચતુર્ભુજદાસ (કુંભનદાસના દીકરા) જ હતા એવું ફલિત થાય છે. ભક્તમાલના સર્જક પ્રિયાદાસે ચતુર્ભુજદાસની કોઈ વિશેષ માહિતી કવિ તરીકેની આપી નથી. ધ્રુવદાસકૃત શ્રીભક્તનામાવલિમાં જે એક ચતુર્ભુજદાસનો નામોલ્લેખ છે એને અષ્ટછાપ કવિ હોવાની માન્યતા હિંદી સાહિત્ય-જગતમાં પ્રચલિત છે. “ભક્તનામાવલિ”માંથી પણ નામોલ્લેખથી વિશેષ માહિતી મળતી નથી.

અષ્ટછાપ કવિ ચતુર્ભુજદાસના ભૌતિક ચરિત્રની જે કાંઈ માહિતી મળે છે તે પુષ્ટિસંપ્રદાયના ૨૫૨ વૈષ્ણવ અને “અષ્ટ સખાન કી વાર્તા”માંથી મળે છે, જેમાંથી ચતુર્ભુજદાસ - ભક્તકવિ કુંભનદાસના પુત્ર રાત ને દિવસ ઠાકોરજીની સેવા, કીર્તન, સત્સંગ અને શ્રી ગોવર્ધનનાથજીના સખા તરીકેની એક સ્પષ્ટ તસ્વીર ઊભી થાય છે. શ્રીગુસાંઈજીએ એક વખત કુંભનદાસને પૂછ્યું કે તમારે દીકરા કેટલા? તો સાત સંતાનના પિતા કુંભનદાસે ખૂબ જ નિખાલસ અને નીડર ભાવે કહી દીધું કે “દોઢ, કૃપાનાથ!” ગુસાંઈજીએ ખુલાસો માગ્યો, તો કહે, કૃષ્ણદાસ વિશેષત: શ્રી ગોવર્ધનનાથજીની ગૌશાળામાં ગાયોની સેવા કરવામાં વ્યસ્ત - અને આજુબાજુની દુનિયાથી સાવ અલિપ્ત એવા કૃષ્ણદાસ અર્ધો; સતત મદદ કરવામાં ચોવીસે કલાક સત્સંગ અને પ્રભુભક્તિમાં ગાળનારા ચતુર્ભુજદાસ એમના આખા પુત્ર હતા. બાકીના લૌકિક જીવોને એ દીકરાઓ તરીકે સ્વીકારતા નહોતા.

આમ, ચતુર્ભુજદાસ પરંપરાગત ભક્ત હતા, કવિ હતા - પિતાનો ગીતસંગીત-કલાનો વારસો પામેલા કલાકાર હતા.

પુષ્ટિસંપ્રદાયના “અષ્ટસખા” કવિઓ માટે તેમજ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો માટે કહેવાતું કે ગુરુકૃપાથી સ્વયં ભગવાન - શ્રી ગોવર્ધનનાથજી તેમજ શ્રી નવનીતપ્રિયાજી ઇત્યાદિ સ્વરૂપો - બાળસહજ માનવભાવો સાથે પ્રત્યેક અષ્ટસખા કવિ સાથે ખેલતા. આ ભક્તો અને ભગવાન વચ્ચેનો સંબંધ સખ્યભાવનો હતો અને આ સખ્યભાવમાં રહેલી ભક્તની ઈશ્વર સાથેની જે અનુભૂતિ હતી એ અનુભૂતિ જ એમની કવિતાનું મુખ્ય પ્રેરક બળ હતું. સખ્યભાવના ભક્ત અને ભગવાનના સંબંધોમાંથી સર્જાતા

પ્રસંગોને ભક્તો "ઠાકોરજીની કૃપા" કહી બિરદાવતા, જ્યારે બૌદ્ધિકો આ બનાવોને ચમત્કારો અથવા ગપગોળા સાથે સરખાવી, એ અંગેનાં વિધાનો કરતા રહ્યા છે.

વાર્તાસાહિત્યમાં ચતુર્ભુજદાસના જન્મ-સંવતનો ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ નથી.. પરંતુ જુદાજુદા વિદ્વાનોનાં સંશોધનોના પરિણામે વિભિન્ન મતોવાળી તારીખો અને વર્ષો મળે છે ખરાં. શ્રી કંઠમણિ શાસ્ત્રી અનુસાર ચતુર્ભુજદાસનો જન્મ સંવત ૧૫૭૫ થી ૧૫૮૦ના ગાળામાં થયો હતો, જ્યારે "સંપ્રદાય કલ્પવૃક્ષ" અનુસાર સંવત ૧૫૮૭નું વર્ષ બતાવવામાં આવ્યું છે, જે પુષ્ટિ-સંપ્રદાયમાં માન્ય બન્યું છે.

ચતુર્ભુજદાસે એમના બાલ્યકાળથી જ સુંદર પદરચનાઓ પુષ્ટિસાહિત્યને આપવાની શરૂ કરી હતી. એક વખત કુંભનદાસ અને ચતુર્ભુજદાસ બન્ને જમનાવતાના એમના મકાનની અગાશીમાં બેઠા હતા, ત્યારે શ્રીનાથજીના મંદિરની દીપમાલા રાત્રે દેખાતી હતી. કુંભનદાસને દીપરેખાનાં દર્શન થતાં જ મનમાંથી પદની એક પંક્તિ સૂઝી:

"વહ દેખો બરત ઝરોખન, હરિ મૌઢે ઊંચી ચિત્તરમારી"

અને એ અટકી ગયા...ત્યારે બાળક ચતુર્ભુજદાસે પિતાની રજાથી બીજી પંક્તિ રચી નાખી:

"સુંદર બદન બિહારન કારન, રાખે હૈં બહુત જતન કર પ્યાસી"

પિતાને વિશ્વાસ બેઠો કે એમનો આ દીકરો સાચા અર્થમાં ભક્ત બનશે - કવિ પણ બનશે.

ચતુર્ભુજદાસે એમના જીવનપર્યંત અત્યંત નિષ્ઠાથી શ્રીનાથજીનાં જ પદો રચવાનું કાર્ય કર્યું હતું, કારણકે એમને ગળથૂથીમાંથી પિતા કુંભનદાસની ભક્તિનો વારસો મળ્યો હતો. સંપ્રદાયનાં જ્ઞાન અને રહસ્યથી એ સંપૂર્ણ જ્ઞાત હતા. શ્રી ગોવર્ધનનાથજીની અનન્ય સેવાભાવના, લાગણીપૂર્ણ નિષ્ઠા તેમજ ઉચ્ચતમ કોટિની પદરચનાને કારણે એ શ્રી વલ્લભનંદનના પ્રીતિપાત્ર બન્યા હતા અને અષ્ટછાપ કવિઓમાં એમને સ્થાન મળ્યું હતું. ચતુર્ભુજદાસ આજન્મ અનાસક્ત ગૃહસ્થ સારી જિંદગી બની રહ્યા હતા અને ગુરુ-ગોવિંદની આજ્ઞાને માનભેર - હોંશભેર માથે ચઢાવતા. પહેલી પત્નીના સ્વર્ગવાસ પછી શ્રી ગોવર્ધનનાથની તેમજ શ્રી ગુસાંઈજીની આજ્ઞાનો એમણે આદર કરી વિધવા સાથે લગ્ન કરી - જંજાળ તેમજ હાંસી વહોરી લીધી હતી.

જન્મથી મૃત્યુ પર્યંત ચતુર્ભુજદાસના સમસ્ત જીવન દરમિયાન એમણે શ્રીજીબાવાની એકનિષ્ઠ પ્રેમભાવથી - દાસભાવથી સેવા કરી છે. જમુનાવતાથી ગોપાલપુર એટલે કે નાથદ્વારા એ રોજ કીર્તનસેવા અને ઠાકોરજીનાં દર્શન કરવા જતા હતા.

ચતુર્ભુજદાસે સ્ફુટ પદો વિશેષ પ્રમાણમાં રચ્યાં છે. એમનો કોઈ ગ્રંથ પ્રકાશિત થયો હોય એવું બન્યું નથી, પરંતુ એમના ત્રણ સંગ્રહ "ચતુર્ભુજ કીર્તન સંગ્રહ"ના નામે તેમજ કીર્તનાવલિ, દાણલીલા ઇત્યાદિનાં પદોનાં સંકલનો કાંકરોલી વિદ્યા વિભાગ દ્વારા સંકલિત થયાં છે. ચતુર્ભુજદાસ-કૃત મધુમાલતી, ભક્તિપ્રતાપ, દ્વાદશયશ તેમજ

હિતજુકો મંગલ એવા ગ્રંથોનું સર્જન એમના દ્વારા થયું છે, એવા ગ્રંથો રચાયા છે એવી વાતો સંભળાય છે, પરંતુ એની સચ્ચાઈ હજી પૂરી કરવાની બાકી છે.

ચતુર્ભુજદાસની કવિતામાં ભક્તિભાવના, શૃંગાર તેમજ વિરહભાવની ઝલક વિશેષ દેખાય છે અને એમાંથી ઉત્તમ કોટિનું કાવ્યત્વ નીખરતું દેખાય છે. એમનાં પદોનો વિસ્તાર - "રેન્જ" ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઈને ગોપીવિરહ તેમજ અન્ય વિરહગીતોનો રહ્યો છે.

અષ્ટછાપ કવિઓમાં સૂરદાસને ભાવસૃષ્ટિના એકમેવ "બાદશાહ" તરીકેની માન્યતા વ્રજભાષા તેમજ હિંદી સાહિત્યે સિદ્ધ કરી છે. એમની છાયા નીચે પુષ્ટિસાહિત્યમાં એવા બીજા અનેક કવિઓ છે જે આજ સુધી "સૂર"ની અસર નીચે - એમનાં પદો, ભજનો, ભક્તિકાવ્યોની અસર નીચે લખતા રહ્યા છે. ચતુર્ભુજદાસ પર સૂરદાસની કવિતાની ખૂબ જ મોટી અસર એ રીતે છે.

ચતુર્ભુજદાસ સૌંદર્યના ઉપાસક હતા અને એમનાં પદોમાંથી સદાય સૌંદર્યભાવ કલાત્મક રૂપે વહેતો રહ્યો હતો. ઉત્કટ પ્રેમની ધારા લૌકિક બંધનથી બંધાતી નથી હોતી. પ્રેમની ઉત્કટતા જ્યારે કલાસ્વરૂપે પ્રગટ થાય છે - ત્યારે એમાં રહેલી ગોપનીયતાનું અવ્યક્ત તત્ત્વ નિર્બંધરૂપે - દિલ ફાડીને વહેવા માંડે છે અને કવિની ઉન્મત્ત ભાવનાઓને શબ્દનો દેહ જડે છે. પ્રેમની એકાત્મક્તા, તદ્રૂપતા ચતુર્ભુજદાસનાં પદોમાં, પછી તે શૃંગારથી ઊભરાતા હોય કે વિરહાગ્નિથી સળગતાં હોય, પરંતુ આ એકાત્મક્તા, તદ્રૂપતા એમાં પ્રગટ થયા વગર રહેતી નથી. અને કવિ ગાઈ ઊઠે છે: *"તુમ બિન રહ્યો ન જાય."*

ચતુર્ભુજદાસ એમના પરમ શ્રેષ્ઠ આરાધ્યદેવ શ્રી ગોવર્ધનનાથજીમાં એટલા તો આસક્ત હતા કે એક વાર શ્રી ગોકુલનાથજી એમને પટાવીને ગોકુલ લઈ ગયા, ત્યારે નવનીતપ્રિયાજીનાં દર્શન કર્યાં, પલનાનાં પદો પણ પ્રેમભાવથી ગાયાં, પરંતુ જ્યારે શ્રી ગુસાંઈજીએ પ્રસન્ન થઈ કશુંક માગવાનું કહ્યું ત્યારે આ મસ્ત કવિજીવે એટલી જ વિનંતી કરી કે "મને મારા શ્રી ગોવર્ધનનાથજી પાસે લઈ જાઓ. હું એમનાથી એક પળ વિખૂટો રહી શકું એમ નથી" - અને શ્રીગુંસાઈજીએ ચતુર્ભુજદાસની અનન્ય આસક્તિ જોઈ તાબડતોબ શ્રીજીદ્વારે પહોંચાડ્યા હતા. અને વિરહની પરમ સીમા અનુભવી ચૂકેલા આ ભક્તકવિથી "તુમ બિન રહ્યો ન જાઇ" - જ ગવાઈ ગયું હતું.

'અષ્ટસખા' ભક્તકવિઓના આઠ પુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબજ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ આ કાર્ય કરેલ છે તે બદલ હું તેનો અત્યંત આભારી છું.

આવા ભક્તકવિની કાવ્યરચનાઓ જાણવી એ પણ એક આનંદનો અવસર છે.

- જશવંત મહેતા

અ-નુ-ક્ર-મ

૧. લાલો નહિ, ચતુર્ભુજદાસ આયો / ૧૧
૨. 'તમારી સાથે કોણ ચોરી કરવા આવે?' / ૧૭
૩. ચંદ્રસરોવર - પરાસોલીમાં રાસ / ૨૨
૪. પુષ્ટિસંપ્રદાયના મહાન કવિઓમાં સ્થાન / ૩૦
૫. 'ફિરિ બ્રજ બસહુ શ્રીવિઠ્ઠલેસ' / ૩૬

શ્રી ચતુર્ભુજદાસજી

નામ : ચતુર્ભુજદાસ
જ્ઞાતિ : ગોરવા ક્ષત્રિય
જન્મ-સમય-સ્થાન : સં. ૧૫૯૭ જમુનાવતા
નિકુંજલીલા સંબંધી સખાનામ : વિશાલસખા
નિકુંજલીલા સંબંધી સખીનામ : વિમલાસખી
શરણાગતિ - સમય અને સ્થળ : સં. ૧૫૯૭, શ્રી ગિરિરાજજી પર
શ્રીનાથજીનું મંદિર.
દીક્ષાગુરુ : શ્રીગુંસાઈજી
ભક્તિ : વિપ્રયોગાત્મક રાજસ સખ્યભક્તિ
સ્વરૂપાસક્તિ : શ્રી ગોકુલનાથજી
શૃંગારાસક્તિ : સેહરા
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન : શ્રીહસ્ત
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : રુદ્રકુંડ
પ્રભુની મુખ્ય લીલામાં આસક્તિ : અન્નકૂટ, ગોવર્ધનલીલા
કીર્તનસમય : ભોગ
ભાવનો મનોરથ : ફૂલમંડલી
લીલામાં કોનાં સહચરી : શ્રી વિશાખાજી
લીલામાં રંગ-વર્ણ : પીત (પીળો)
લીલામાં કુંજ : પુષ્પકુંજ
લીલા સંબંધી ઋતુ : વર્ષાઋતુ
અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમર : ૫ વર્ષ
રચનાઓ : લગભગ બસો પદો
કીર્તનમાં છાપ : દાસ ચતુર્ભુજ, ચતુર્ભુજ, ચતુર્ભુજદાસ
અભ્યાસ, રુચિ, પ્રવીણતા વગેરે : જન્મથી જ વલ્લભ સંપ્રદાયમાં અભ્યાસ,
સંસ્કૃતના વિદ્વાન - ગાનવિદ્યા, કાવ્યશક્તિ
વારસામાં મળેલી.
દેહાવસાન - સમય અને સ્થળ : સં. ૧૬૪૨ ફાગણ વદ-૭ રુદ્રકુંડ
ભૂતલ પરની સ્થિતિ : ૪૫ વર્ષ
સ્મૃતિસ્થળ : રુદ્રકુંડ.

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
(ત્રણ જન્મની લીલા ભાવના સાથે)		
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
(ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)		
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ગોવિંદસ્વામી	જશવંત મહેતા	
છીત્તસ્વામી	જશવંત મહેતા	
પરમાનંદદાસ	જશવંત મહેતા	
કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

૧. લાલો નહિ, ચતુર્ભુજદાસ આયો

કુંભનદાસનું જમનાવતાનું ભર્યુંભાદર્યું ઘર ખાલી થઈ ગયું. પાંચેય દીકરાઓને એક સવારે એમના ખેતરમાં બોલાવી બેસાડ્યા.

"શું છે બાપાને? સવારે સવારે કેટલાંય કામ પડ્યાં હોય, ગાયોનાં દૂધ દોહવાનાં હોય, ગમાણ સાફ કરવાની હોય, છોકરાંઓને ધૂડી નિશાળમાં ભણવા મોકલવાનાં હોય, વાસણ-કપડાં ધોવાનાં હોય, રસોઈ ચૂલે ચડાવવાની હોય... ખેતરે જવાનું હોય! બાપાને પણ કાંઈ કામધંધો નથી..." - મોટો પુત્ર બબડતો, ખભે કાંબળો નાખતો આવ્યો અને લગભગ વડચકું ભરતો હોય એમ બોલ્યો :

"શું છે.. સવારે સવારે કામ... તે અમને બોલાવ્યા છે?"

"જુઓ, બાપા - આ તમે કહેશો કે બેટા, બે ઘડી હાલ ભગવાનનું નામ લઈએ, સત્સંગ કરીએ, તો ઈ સમય મારી પાસે નથી. મારે ગામના મુખિયાને મળવા જવાનું છે." - બીજો દીકરો બાપાની વેળાકવેળા "સત્સંગ" કરવાની - એમનાં પદો સંભળાવવાની કુટેવથી પરિચિત હતો - એટલે ખેતરમાં પ્રવેશતાં જ એની "ઉતાવળ" દેખાડી દીધી.

કુંભનદાસ વિષાદપૂર્ણ નયને બાકીના ત્રણેય દીકરાઓની "સમય ન હોવાની" રામાયણને સુણતા રહ્યા. બધા જ લૌકિક જીવ હતા. વહાલા ગોવર્ધનનાથની ગોદમાં - ગિરિરાજજીની તળેટીમાં રહેતા આ "જીવો"ને એમની ધરતીમાં પ્રગટ થયેલા દેવદમન, ઇન્દ્રદમન કે સર્વદમન - દેવની વાતો જાણવાની, એમના માટે દૂધ, જલ કે સામગ્રી પધરાવવા જવાની કે નાના નાના ગોવર્ધનનાથ સાથે થોડીવાર ખેલવા જવાની પણ ફુરસદ નહોતી. રાત-દિ' બસ... કામ... કામ...ને પૈસો...પૈસો જ હતું. હૈયે કે હોઠે ભગવાનનું નામ નહોતું...

કુંભનદાસને થોડા દિવસ પહેલાંનો ગિરિરાજજીની તળેટીમાં "મુખારવિંદ"ની સામેની શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠકના પરિસરમાં - કદંબના વૃક્ષની છાયાના ચોતરા પર બેઠેલા શ્રીગુસાંઈજી સાથેનો સંવાદ યાદ આવી ગયો... જેમાં એમણે એમના દિલનો વસવસો વ્યક્ત કરતાં કહ્યું હતું:

"જે-જે ...આથમતી ઉંમરે જિંદગીમાં એક જ અબળખા લઈને આ ધરતી પરથી વિદાય લઈશ."

"શેની અબળખા... શી વાત છે, કુંભનદાસજી...તમારે ઘરે તો પાંચ પાંચ દીકરા... એમના દીકરા... વહુઓ... ભત્રીજીઓનો ભર્યોભાદર્યો સંસાર છે... તમારે તે વળી શી વાતનો અભરખો છે... અને તમારે ખેતરે મારો વ્હાલો ગોવર્ધનનાથ ખેલવા આવે...દીકરાઓ તમારી તહેનાતમાં ખડા રહે છે... શી વાત છે, કુંભનદાસ...કાંઈક સમજ પડે એવી વાત કરો." - શ્રીગુંસાઈજી બોલ્યા.

"ભગવાનની દયાથી ઘરે પાંચપાંચ જુવાન દીકરાઓ ઘટમાં ઘોડા થનગનાવે છે, ભત્રીજી રાતદિવસ મારી અને મારા ઠાકોરજીની સેવામાં વ્યસ્ત રહે છે...પરંતુ જે-જે... દિલને રંજ એક જ વાતનો રહી ગયો છે કે પાંચેય છોકરાઓ પૂરા લૌકિકમાં ડૂબી ગયેલા છે... આ બુઢ્ઢા બાપ સાથે એક પળ પણ વાત કરવાનોય એમની પાસે સમય નથી... એ મારી સાથે બે ઘડી ઠાકોરજીને યાદ કરી સત્સંગ શું કરવાના? છતે દીકરે હું તો, કૃપાનાથ, દીકરા વગરનો છું."

"હોય... કુંભનદાસ, હોય... ઘડપણ આવે એટલે માણસને એકલું લાગે...પણ એ તો દહાડા કાઢી નાખવાના... ભગવાનનું નામ લેવામાં..." શ્રીગુસાંઈજીએ આશ્વાસન આપ્યું. કુંભનદાસ "લીલા"ના જીવ હતા અને ભક્તિ અને સત્સંગ એમની જિંદગીના શ્વાસ હતા... શ્વાસ શ્વસ્યા વગર જેમ ન ચાલે એમ એમને શ્રીજીબાવાનું નામ લીધા વગર ન ચાલે.

- અને એ દિવસે - આખા દિવસની વિચારણા પછી બધા દીકરાઓને બીજા દિવસની સવારે ખેતરમાં ભેગા કર્યા હતા.

પાંચેય દીકરા આવી ગયા... એટલે કુંભનદાસે હળવા સાદે શરૂ કર્યું:

"જુઓ, ભાઈઓ...હવે તમે પાંચેય મોટા થઈ ગયા છો...

"એમાં ડોસાએ નવું શું કીધું?" - વચેટ દીકરો એની લાજ કાઢીને ઠસ્સા સાથે બેઠેલી વહુ સામે નજર કરતો મનમાં બોલ્યો.

"હવે તમે આજથી ગામમાં તમારાં ખોરડાં લઈ...જરૂરિયાત પૂરતી ઘરવખરી લઈ જઈને...તમારું સ્વતંત્ર ઘર, સ્વતંત્ર વ્યવહાર... અને ધંધો કરતા થઈ જાવ...અહીં ખેતરની કુટિરમાં હું, તમારી મા ને દત્તક લીધેલી ભત્રીજી રહીશું..." કુંભનદાસ બોલ્યા.

એક ક્ષણ પૂરતો તો વાતાવરણમાં સન્નાટો પ્રસરી ગયો. પરંતુ બીજી જ ક્ષણે વહુ-દીકરાઓ રાજીનાં રેડ થઈ ગયાં. બધી જ વહુઓને "ડોસા"ની સવાર-બપોર-સાંજ અને મોડી રાત સુધીની ખટખટ - અને "આ લાવ ને તે લાવ"ની વાણી સાંભળવાની મટી. "ઠેઠ ગામમાંથી કાંઈ થોડું આહીં સુધી આવવાનું હોય?" - અને સાંજ સુધીમાં તો ધમધમતા ખેતરનો કુટિર પાસેનો ચોતરો, પળેપળે ખૂંદાયા કરતી ખેતરની માટી, કલબલતી કાબર અને કૂજતી કોયલ...બધાં જ શાંત થઈ ગયાં. કુંભનદાસનો નિર્ણય ઓચિંતાનો નહોતો... છેલ્લા એકાદ વર્ષની મથામણ પછીનો નિર્ણય હતો.

"ચાચાજી..."

દીકરા-વહુઓ અને સંતાનોથી વિરક્ત થવા મથતા કુંભનદાસ તંદ્રામાંથી - ખાલીપણાના વિષાદમાંથી ઝબકીને જાગી ગયા.

"શું છે, બેટા!" - વહાલસોઈ ભત્રીજી કુંભનદાસના ખોળામાં આવીને ઢબૂરાઈ ગઈ.

"હવે આપણે 'સત્સંગ' કોની સાથે કરીશું?" અને ત્યાં જ કદમની ડાળેથી ટહુકો ઊઠ્યો...

"કુંભના...હું આવી ગયો છું... આજ બધું સૂમસામ લાગે છે, નહીં?"

"અરે, મારા વ્હાલા ગોવર્ધનનાથ...તું હાજરાહજૂર હો પછી કાંઈ સૂમસામ લાગે?"

અને કદંબની ડાળ પરથી કૂદીને ઠાકોરજી "ચાર-પગા" થયેલા કુંભનદાસ પર સવાર થઈ... "ચલ મેરા ઘોડા તબડક...તબડક" કરતા શ્રી ગોવર્ધનનાથજી ખેલવા માંડ્યા...

કાળના પ્રવાહમાં કુંભનદાસને ઘરે છઠ્ઠા બાળકનું આગમન થયું... નામ પાડ્યું કૃષ્ણદાસ...જન્મતાંની સાથે જ એનાં ચંચળ નયનો...કુટિરની બાજુની ગમાણમાં ઊભેલી ગાયો પર સ્થિર થઈ ગયાં. ચહેરા પર હાસ્ય વિલસ્યું...ગાયોએ પણ ડોકાં હલાવી - ઘંટડીના રણકા સાથે નાનકડા કૃષ્ણદાસનાં ઓવારણા લીધાં...ગોઠણિયાભર ચાલતો કૃષ્ણદાસ ગાયો વચ્ચે જ રમ્યા કરતો અને સાતઆઠ વર્ષનો થતાં, ગાયોના ધણને નજીકના જંગલમાં ચરાવવા લઈ જતો, પૂરો ગૌભક્ત બની ગયો હતો. સવાર-સાંજ ગાયોની સેવા કરવામાં વ્યસ્ત એવા કૃષ્ણદાસ દીકરાથી કુંભનદાસ પ્રસન્ન તો હતા, પરંતુ રોજબરોજના "સત્સંગ"ની અપેક્ષા કૃષ્ણદાસ પૂરી કરી શકતો નહોતો, અને એમની ઉદાસીનતા ચહેરા પર ઝળૂંબ્યા કરતી. એક વખત શ્રી ઠાકોરજીની નજરે કુંભનદાસના ચહેરા પરની ઉદાસીનતા ચડી ગઈ...અને કૂવાના થાળે રમતાં રમતાં શ્રીજીબાવાએ કુંભનદાસને પૂછ્યું પણ ખરું:

"અરે કુંભના... ભગવદ્-ભક્ત તો એની ભક્તિની મસ્તીમાં સદાબહાર પ્રસન્ન રહેતો હોય છે... તો તારા ચહેરા પર આ લૌકિક વિષાદની ભાવના કેમ છે? તારી આ ઉદાસીનતા તારા ધર્મકાર્યમાં - તારી ભક્તિમાં બાધારૂપ નહીં બને?"

"મહારાજ, શું વાત કરું...આ અભાગિયા જીવને 'સત્સંગ' મળતો નથી... વૈષ્ણવો સાથે બેસીને ભગવત્સ્મરણ થતું નથી."

"અરે...ઘેલા...જેના નામનું તારે સ્મરણ કરવું છે, જેની પ્રાપ્તિ માટે તારે વૈષ્ણવોનો સંગ કરવો છે, એવો હું તો તારી સામે હાજરાહજૂર છું - તારી સાથે ખેલ ખેલી તને પ્રભુપરાયણ - સત્સંગમાં રાખું છું - પછી તારે આ બધી ચિંતા કરવાની જરૂર શું છે?" - શ્રીજીબાવા બોલ્યા...એમને એમનો કુંભનો અને કુંભનાનો વિષાદ સમજાતા નહોતા.

"આપની વાત સાચી છે, કૃપાનિધાન! 'સત્સંગ'નું ફલસ્વરૂપ તમે જ છો... અને મારે વશ છો...તમારી અનહદ કૃપાનું આ ફળ મારા શિરસાટે છે, કૃપાનાથ...તમે મારી પાછળ ખેતરમાં પાણી પાવામાં, નિંદામણ કરવામાં, હળ હાંકવામાં, જમુનાજીના જલને ખેતરમાં ક્યારાઓ બનાવી, પાણી વાળવામાં - તમે ક્યાં મારા માટે નથી,

કૃપાનાથ...પરંતુ, પ્રભુ, આ બધું હોવા છતાંય ભગવદીયોના સત્સંગ સિવાય, જીવ આપના સ્વરૂપને પામી કેમ શકે? એ સ્વરૂપાનંદને તો જીવે એના હૃદયમાં સ્થિર કરવાનો હોય છે...અને આપના સ્વરૂપનો જે આનંદ છે એ તો તમારા વહાલા વૈષ્ણવો જ જાણે છે - અનુભવે છે અને તેઓ આ સિવાય બીજું કશું જ જાણતા નથી - એનું પણ મારે મન એક ગૌરવ છે. ભગવદીયોના સંગ વગર આપના સ્વરૂપમાં મન સ્થિર થતું નથી, લપેટાતું નથી... એટલે તો હું 'સત્સંગી' ને ઝંખું છું." કુંભનદાસે વિગતે "સત્સંગ"ની ભાવના કહેતાં કહ્યું.

"વાહ, કુંભના, વાહ... તને - તારી વિચારધારામાં રહેલી સમજણને ધન્ય છે. તને સત્સંગ કરાવે એવો ભગવદીય પુત્ર તને મળશે...હવે તો ખુશ થા, કુંભના..."

"કૃપાનાથ, તમારી દયાનો કોઈ પાર નથી." - કહેતાં કુંભનદાસ શ્રીજીબાવાનાં ચરણોમાં ઢળી પડ્યા.

○ ○ ○

"અરે, સાંભળો છો?" - એકાદ મહિના પછી "હસું હસું" થતાં કુંભનદાસનાં "ભાગ્યવાન" વહેલી સવારે ટહુક્યાં.

"શું વાત છે? આજ કાંઈ ખુશખુશાલ નજરે પડે છે!" - કુંભનદાસે પૂછ્યું.

"આપણી કુટિરમાં...કુટિરમાં..." - અને "ભાર્યા" આગળ બોલતાં શરમાઈને આડું જોઈ ગઈ...

"તને 'સત્સંગ' કરાવે એવો ભગવદીય પુત્ર મળશે" - એકાદ મહિના પહેલાં જ ઠાકોરજીએ એમને કહેલા શબ્દો યાદ આવી ગયા અને કુંભનદાસ તો ઘેલા બની નાચવા લાગ્યા...

"ભાગ્યવાન" ને પૂરા દિવસો જતા હતા. એટલામાં એક સવારે શ્રીગોવર્ધનનાથજી "ગ્વાલ"નાં દર્શન ભક્તસમુદાયને આપી સીધા કુંભનદાસના ખેતરે પહોંચી ગયા અને ધોમ મધ્યાહ્નને આંબાની ડાળ નીચે પંચિયું પાથરીને "વામકુક્ષી" કરતા કુંભનદાસને "કુંભના, ચાલ મારી સાથે" - કહેતા, લાત મારતા, કુંભનદાસને જગાડતા ઠાકોરજી બોલી ઊઠ્યા.

"ક્યાં જવું છે આ ચોરને કાંધ મારે એવા તડકામાં?" કુંભનદાસે પૂછ્યું.

"જો, પેલી દુલારી છે ને?"

"હા, કોણ પેલી મહિયારી?"

"હા..."

"તે શું છે એનું?"

"કુંભના, એ છે ને માખણને એટલી ભારે ઊંચાઈએ શીકામાં બાંધે છે...ને પાછી ગામ આખામાં કહેતી ફરે છે કે 'કાનુડો તો શું એનો બાપ પણ આટલી

ઊંચાઈએથી ઝૂલતી મારી મટુકી નહીં ફોડી શકે...' આવું આવું બોલે છે. તે આજે તળેટીમાં, કુંભના, સખાઓ મારી ટીખળ કરતા હતા. તે હું તો કહીને આવ્યો છું કે 'દુલારી'ની મટકી ફોડીને જ જંપીશ. ચાલ મારી સાથે, હમણાં એ જમુનાજલ ભરવા ગઈ છે. બહાર શ્રીદામા અને અન્ય સખાઓ ઊભા છે." અને દુલારીની શય્યા બેઠકમાં બન્ને પહોંચ્યા.- વાનર ટોળીની સાથે ગોવાળિયાની ટોળી પણ તૈયાર થઈને ઊભી છે.

દુલારીનું ઘર કુંભનદાસના ખેતર પાસેની કુંજગલીમાં જ હતું.

"ચાલ, થા ઘોડો, કુંભના!"

કુંભનદાસ ચાર પગે ઊભો રહી ગયો...

દુલારી કંઈ કામસર બહાર ગઈ હતી, એટલે "લાલા"ની ટોળકીને નિરાંત હતી.

કુંભનદાસની પીઠ પર શ્રી ગોવર્ધનનાથજી ઊભા થઈ ગયા અને એમણે એક હાથ વડે દોણીને પકડી, પરંતુ એ જ વખતે ગમ્મત થઈ. શ્રીજીબાવાની પીતાંબરની આંટી ઢીલી પડી કેડ પરથી સરકવા માંડી. પીતાંબર કેડથી નીચે સરકવા માંડ્યું...બીજા હાથે કુંભનદાસના હલબલતા શરીર પરના શ્રીઅંગને સ્થિર રાખવામાં શ્રીજીબાવા વ્યસ્ત હતા.

"લાલા, મટુકી સાથે પડતા નહીં...હાથપગ તો ભાંગશો, પણ માખણ પણ મટુકી ફૂટતાં જમીન પર ઢોળાતાં ગુમાવશો" - એક ગોપ બાળક બોલ્યો.

શ્રી ગોવર્ધનનાથજીના શ્રીઅંગમાંથી બીજા બે હાથ પ્રગટ થયા અને એ બે હાથે પીતાંબરને પકડી આબરૂ સાચવી લીધી. કેડેથી વળી ગયેલા કુંભનદાસજીને શ્રીચતુર્ભુજ શ્રીનાથજીનાં દર્શન થયાં. શ્રીજીબાવાએ શીકામાંથી હેમખેમ મટુકી ઉતારી ગોપબાળકોને માખણ વહેંચી દીધું. કુંભનદાસ દુખતી કેડ પર હાથ પસારતા ઊભા થયા ત્યાં તો હાંફળીફાંફળી - દોડતી - ગાળો દેતી દુલારી ઘરમાં પ્રવેશી...માખણ-મિસરી ખાતા ગોવાળિયાઓમાં નાસભાગ થઈ ગઈ. વૃદ્ધ કુંભનદાસ અને નટખટ નંદકિશોરને પકડવા દુલારી પાસે આવી, ત્યાં જ શ્રીજીબાવાએ ફૂઉઉ...કરતો દૂધનો કોગળો દુલારી પર કર્યો... દુલારીનું આખું મોઢું, નાક-કાન-આંખ દહીં-માખણથી ભરાઈ ગયાં... એ ઘાંઘી થઈ આમતેમ ઝાંવાં મારવા માંડી, ત્યાં લાગ જોઇ શ્રીજીબાવા નાસી છૂટ્યા... પણ કુંભનદાસ ઝડપાઈ ગયા...

"અરે, કુંભના... ઇતનો બુઢ્ઢો હોકે યે લાલા કે સંગ મખ્ખન ચોરી કરને ક્યું આયો... ચલ ઇસ બાર તેરી ઉમ્ર દેખકે છોડ દેતી હૂં...લેકિન દૂસરી બાર માર માર કે તેરા ખીમા કર દૂંગી..." કહેતાં કુંભનદાસને એક ઝાપટ મારતી દુલારી બબડતી-બબડતી અંદરના ખંડમાં ચાલી ગઈ.

દુખતી કેડ દબાવતા, નીચા વળીને કુંભનદાસ ઊંહકારા કરતા જમનાવતામાં પોતાના ઘરે પહોંચ્યા...રસ્તામાં - દુખતી કેડે અને દુખતા મોઢે...કુંભનદાસ પદ ગાતા રહ્યા :

"આનિ પાયે હો હરિ નીકે ।
ચોરિ ચોરિ દધિ માખન પાયો, ગિરિધર દિન પ્રતિહી કે ।
રોક્યો ભવન દ્વાર વ્રજસુંદરી નુપૂર મોર અચાનક હીકે ॥
અબ કૈસે જઈયત ઘર અપને, ભાજન ફોરી દૂધ દહીં પી કે ।
કુંભનદાસ પ્રભુ ભલે પરે ફંદ, મન ન દેહો ભાવતે જી કે ॥
ભરિ ગંડૂપ છીંટ દે નૈનનમેં, ગિરિધર ધાય ચલે દે કીકે ॥

કીર્તન ગાતા-ગાતા ચતુર્ભુજ-દર્શનને યાદ કરતા...ઘરે પહોંચ્યા અને ભત્રીજી હોંશભેર કુંભનદાસના હાથ પકડી વધાઈ આપતી બોલી ઊઠી:

"ચાચા...ચાચા...આજ હમારે ઘર 'લાલો' આયો..."

કુંભનદાસની પત્નીએ બાળકને જન્મ આપ્યો હતો.

"અલી છોરી... લાલો, નહીં ચતુર્ભુજ આયો! મેરો ચતુર્ભુજદાસ આયો..." અને ઘરમાં આનંદમંગળ પ્રવર્તી ગયું.

૨. 'તમારી સાથે કોણ ચોરી કરવા આવે?'

ઉત્થાપનનો શંખનાદ સંભળાયો.

કુંભનદાસ ઝડપથી ઊભા થઈ ગયા. ફાટીતૂટી ધોતી અને સફેદ કફનીમાં સજ્જ એવા કુંભનદાસે ખભે ખેસ અને જર્જરિત કેસરી રંગની પાઘડી માથા પર "ઠઠાડતા" દંડવતી શિલાની દિશામાં ચાલી નીકળ્યા. એમની ચાલમાં આનંદ ઊછળતો હતો. દંડવતી શિલાને દંડવત્ કરી એ મંદિરમાં પહોંચ્યા. સવારની માખણલીલામાં પડેલા મારથી હજી શરીર કળતું હતું. પરંતુ એ કળતર કુંભનદાસ માટે મીઠીમધુરી શ્રીજીબાવાની લીલાના સાંનિધ્યના મળેલા આનંદમાં પરિવર્તિત થઈ ગયું હતું.

"આવો, કુંભનદાસ, ચતુર્ભુજદાસ છે તો કુશળને?" - પરિસરમાં પ્રવેશતાં જ જે સમાચાર પોતે શ્રીગુંસાઈજીને આપવા માગતા હતા, એ બાબતમાં શ્રી વલ્લભનંદન એમને એમના નવજાત દીકરાના ક્ષેમકુશળ પૂછી રહ્યા હતા.

કુંભનદાસને આશ્ચર્ય થયું.

"જે-જે ...જેના પર શ્રી વલ્લભકુળની કૃપા ઊતરે, જેના સેવ્ય શ્રી ગોવર્ધનનાથજી ખુદ જેના પર "માખણલીલા"ના મારનાં દાન કરે...એને ત્યાં તો બધું ક્ષેમકુશળ જ હોયને?"

"કુંભનદાસ...આ માખણલીલા...માર...એનું દાન - આ બધું તમે શું બોલો છો? કાંઈક ફોડ પાડીને વાત તો કરો." - શ્રીગુંસાઈજીએ હસીને પ્રશ્ન કર્યો.

"કૃપાનાથ...આજે તો ભારે થઈ...આપણા ગોવર્ધનાથ મને ઊંઘમાંથી ઉઠાડી, પેલી દુલારીને ત્યાં લઈ ગયા... 'માખણલીલા' કરતાં પકડાઈ ગયા...દુલારી 'લાલા'ને તો ન પકડી શકી, પણ હું ઝપટમાં આવી ગયો...પરંતુ, કૃપાનાથ, સારું થયું... 'માખણલીલા'માં ઠાકોરજીની પીતાંબરી સરકી ગઈ...તે પ્રભુએ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરીને મને દર્શન દીધાં...અને સાથેસાથે દીકરો દીધો. તે, કૃપાનાથ, મેં એનું નામ જ ચતુર્ભુજદાસ પાડી દીધું." હરખભર્યા કુંભનદાસ બોલી ઊઠ્યા.

"કુંભનદાસ...ખૂબ જ સારા સમાચાર છે...ભગવાને તમારા મનનો મનોરથ - તમારી સાથે સદાય સત્સંગ કરતો રહે, ભગવત્-સ્મરણ કરતો રહે તેવો પુત્ર આપ્યો છે. અને તમે નામ પણ ચતુર્ભુજદાસ બરોબર જ પાડ્યું છે..."

"કૃપાનાથ...વૃદ્ધિના દિવસો પૂરા થયા, એટલે આપના શરણે મારા ચતુર્ભુજને લાવ્યો છું."

સોળ દિવસ પૂરા થતાં મંગલમુહૂર્ત જોઈને કુંભનદાસ એમના દીકરાને લઈને શ્રીગુસાંઈજી પાસે એક સવારે આવી પહોંચ્યા. ચતુર્ભુજદાસને શ્રીગુસાંઈજીને ચરણસ્પર્શ કરાવ્યા. શ્રીગુસાંઈજી એકીટશે...આ જગતમાં ભૂલા પડેલા "જીવો"ના ઉદ્ધારક શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાના ફલ સમા બાપદીકરાને જોઈ રહ્યા.

"રાજભોગ સરાવ્યા પછી ચતુર્ભુજદાસને નામનિવેદન કરાવીશું."

જવાબમાં કુંભનદાસની ગોદમાં સૂતેલા ચતુર્ભુજદાસે જન્મના બારમા દિવસે શ્રીગુસાંઈજી સામે સ્મિત વેર્યું. કુંભનદાસજીને આ દર્શન થતાં એ ધન્યધન્ય થઈ ગયા.

"રાજભોગ" સરાવીને શ્રીગુસાંઈજી ભીતરમાં પધાર્યા અને કુંભનદાસને એમના બાળકને લઈને એ મુકામે પહોંચી જાય એમ આજ્ઞા કરતા ગયા. નામનિવેદન કરાવી ચતુર્ભુજદાસને લઈને કુંભનદાસ નિજમંદિરમાં ગયા અને એકીટશે શ્રી ગોવર્ધનનાથ સામે જોઈ રહ્યા.

"કુંભનદાસ...ચતુર્ભુજદાસને શ્રીજીબાવા સમક્ષ લાવો..." અને એક એવી નજરે શ્રીગુસાંઈજીએ નિજમંદિરમાં ઊભેલા ભીતરિયા, જળધરિયા ઇત્યાદિ સામે જોયું કે બધા જ ચૂપચાપ નિજમંદિર ત્યજી બહાર નીકળી ગયા. કુંભનદાસ ચતુર્ભુજદાસને શ્રીજીની ચરણચોકી સુધી લઈ ગયા. એટલે શ્રીગુસાંઈજીએ ચતુર્ભુજદાસને નામનિવેદન કર્યું. બાળક ચતુર્ભુજદાસને બ્રહ્મસંબંધ કરાવ્યો...અને કુંભનદાસના આશ્ચર્ય વચ્ચે, શ્રીગુસાંઈજીની સામે આંખો ફેરવી નમન કરતા બાળક ચતુર્ભુજદાસે પદ ઉપાડ્યું :

"સેવક કી સુખરાસી સદા શ્રી વલ્લભ રાજકુમાર ।
દરસન હી તેં હોત પ્રસન્ન મન, શ્રી પુરુષોત્તમ લીલા અવતાર ॥
સુદૃષ્ટિ ચિત્તે સિદ્ધાંત બતાયો, લીલા એકૈ અનુસાર ।
યહ ત્યજી આન જ્ઞાન કો ધાવત, ભૂલે કુમતિ વિચાર ॥
જા કે કહે ગહિ ભુજ દૃઢ કરી, શ્રી ગિરિધર નંદદુલાર ।
ચતુર્ભુજ પ્રભુ ઉદ્ધારે પતિત શ્રી વિઠ્ઠલ કૃપા ઉદાર ॥

ચતુર્ભુજદાસનું ભાવવાહી કીર્તન સાંભળી ગુરુ અને પિતા બન્ને ખુશ થયા.

"કૃપાનાથ, મારી જે મન:કામના હતી તે પૂરી થઈ. આટલી નાની ઉંમરે મને 'સત્સંગ' કરાવતો દીકરો થઈ ગયો. આ બધી મારા વ્હાલા ગોવર્ધનનાથની જ તો કૃપા કહેવાય."

"હા, કુંભનદાસ, આજના કળિકાળમાં સારા માણસોનો સંગ એ જ મોટી ઈશ્વરકૃપા સમજવી અને તે આજે તમારા પર આ તમારા દીકરાના નામે ઊતરી," - કહેતાં શ્રીગુસાંઈજી પર્વત ઊતરી નીચે પધાર્યા.

કુંભનદાસ એમના વહાલસોયા બાળક ચતુર્ભુજદાસને લઈ જમનાવતા ગામ ગયા.

પાંચેક વર્ષના ચતુર્ભુજદાસને એક સવારે મંગળાનાં દર્શનમાં આજ્ઞા કરી:

"ચતુર્ભુજદાસ, આજે તું મારી સાથે રાજભોગનાં દર્શન કરી ગોવિંદકુંડ પર ગાયો ચરાવવા આવજે."

"જેવી આજ્ઞા, કૃપાનિધાન!"

ચતુર્ભુજદાસના હૈયામાં આનંદ સમાતો નહોતો. ઘણા વખતથી એમની ઇચ્છા

ગૌચારણલીલાનાં પ્રત્યક્ષ દર્શન કરવાની હતી...પરંતુ એવી કોઈ તક મળતી નહોતી. સામે ચાલીને થોડું જ શ્રીજીબાવાને ગ્વાલનાં દર્શન પછી કહેવાય છે કે...

"લાલા...હું આવું ગાયો ચારવા તમારી સાથે?"

હજી એ અધિકાર એમણે પ્રાપ્ત નહોતો કર્યો...

ચતુર્ભુજદાસ તો રાજભોગનાં દર્શન ખૂલ્યાં કે ગિર્દીમાં એમનું નાનકડું માથું દર્શનાર્થીઓને મારી, પિતાની આંગળી છોડી, છેક સન્મુખ સુધી પહોંચી, શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરીને આરતીની રાહ જોયા વગર મંદિરની બહાર નીકળી, સીધા ગોવિંદકુંડ પહોંચી ગયા.

આ બાજુ કુંભનદાસની આંગળી છોડી, ગિર્દીમાં ગાયબ થઈ ગયેલા દીકરાની શોધખોળ બાપે શરૂ કરી...મંદિરનો ખૂણે-ખૂણો શોધી વળ્યા, પણ પાંચ વર્ષના ચતુર્ભુજદાસજીનો પત્તો ખાતો નહોતો.

કુંભનદાસ થાકીને શ્રીગુંસાઈજી પાસે બેઠકામાં પહોંચ્યા અને ચિંતાગ્રસ્ત ચહેરે-

"ચતુર્ભુજ નથી મળતો, કૃપાનાથ...ક્યાં ગયો હશે?"

"કુંભનદાસ, ચિંતા ના કરો, અહીં આટલામાં જ હશે."

"કૃપાનાથ, મધ્યાહ્ન-કાળ વીતવા આવ્યો, થોડીવારમાં ઉત્થાપનનો શંખનાદ થશે..." કુંભનદાસની ચિંતામાં ઘટાડો નહોતો થતો.

"કુંભનદાસ...રાજભોગનાં દર્શનમાં તો મેં પણ આપણા 'છોટા વૈષ્ણવ'ને ધક્કામુક્કીમાં રસ્તો કરી, છેક સન્મુખ સુધી દર્શન કરવા પહોંચી જતો જોયો હતો...તમે એના હાથ બરોબર પકડી રાખતા હો તો... હજી ઉંમરમાં નાનો છે." - શ્રીગુંસાઈજી ઠાવકાઈથી બોલતા હતા.

"કૃપાનાથ, અમારો ચતુર્ભુજ પણ તમારા આ ગોવર્ધનનાથ સાથે હળીને બડો શરારતી થઈ ગયો છે... હવે ક્યાં ગોતવા જવો મારે?"

"કુંભનદાસ, હવે પછી ચતુર્ભુજદાસની ચિંતા ક્યારેય ન કરતા. શ્રીજીબાવાએ એને સવારે આજ્ઞા કરી હતી: એમની સાથે ગોવિંદકુંડ પાસે ગાય ચરાવવા આવવાની. એટલે તમારો દીકરો ગોવિંદકુંડ તરફ ગયો છે. અને હવે તો દાઉભૈયાની આજ્ઞાનુસાર - બધા સખા સાથે ચતુર્ભુજદાસ શ્યામઢાક તરફ ગયા હશે...તમારો દીકરો શ્યામઢાક પર જાવ તો મળી જશે.."

"હેં! શ્યામઢાક..." - કહેતાં કુંભનદાસે મંદિરના પરિસરમાંથી બહાર નીકળી 'શ્યામઢાક' તરફ દોટ મૂકી. આમ તો કુંભનદાસનો એમના દીકરા ચતુર્ભુજદાસ સાથે બપોરના ઘડી બે ઘડી સત્સંગ કરવાનો રોજનો કાર્યક્રમ મુકરર રહેતો. આજે એ કાર્યમાં ખલેલ પડી હતી.

કુંભનદાસ હાંફતા હાંફતા શ્યામઢાક પહોંચ્યા અને દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ

ગયા...શ્યામઢાકની કુંજગલીમાં શ્રીગોવર્ધનનાથજી અને દાઉભૈયા ગોપસખાની મંડલી વચ્ચે કદંબના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. ગાયો ચારે દિશામાં શાંતિથી નિર્ભય બની લીલુંછમ ઘાસ ચરતી હતી. શ્રી ઠાકોરજી અને દાઉભૈયાની બાજુમાં હરણાં બેઠાં હતાં. વૃક્ષોની ડાળી પર કોયલ, પોપટ, ઇત્યાદિ પંખીઓ ઝૂલતાં હતાં. વાંદરાઓ પણ વૃક્ષની એક ડાળી પરથી બીજી ડાળી પર કૂદતા-ઝૂલતા હતા. ઠાકોરજીની અમીનજર કુંભનદાસ પર પડતાં જ કુંભનદાસે નજીક જઈ દંડવત્ પ્રણામ કર્યા...

"આવો, કુંભનદાસ...ગૌચારણલીલાનાં દર્શન કરો."

"કૃપાનાથ...આપે તો આજે આ બાપદીકરા પર ખૂબ જ કૃપા કરી...સાચે જ આ પામર જીવો પરમ ભાગ્યશાળી બની ગયા!"

જવાબમાં ચતુર્ભુજદાસની બાજુમાં બિરાજતા શ્રીજીબાવાએ એમનું મૃદુ હાસ્ય વેર્યું...

○ ○ ○

"ચતુર્ભુજદાસ..."

ઊંઘતા ચતુર્ભુજદાસના કાને મીઠો રવ સંભળાયો...આંખો ખૂલી ગઈ. આંખો સામે પ્રકાશની અનર્ગળ ધારા ઝિલમિલાતી હતી.

"કૃપાનાથ..."

"ચાલ, બહાર નીકળ."

"અરે, પ્રભુ, પણ અત્યારે મધ્યરાત્રે?" ચતુર્ભુજદાસ હજી ઊંઘમાં હતા...એમને એમ કે મધ્યરાત્રીનો સમય હશે.

"ઊંઘતો જ રહેજે...ફળિયામાં આવીને જો..."

પૂર્વ દિશાનાં ગિરિશિખરો પાછળથી બાલરવિ આકાશમાં ઊંચો ને ઊંચો ચડી રહ્યો છે.

ચતુર્ભુજદાસે દર્ભાસનમાંથી બેઠા થઈ જોયું તો પૂર્વની ક્ષિતિજમાંથી મૃદુ રવિકિરણો આકાશને રંગી રહ્યાં હતાં. એક નજર બાજુમાં નિરાંતે ઊંઘતાં માતાપિતા પર નાખી, હળવેકથી એ સરકીને ઘરની બહાર નીકળી ગયા અને જોયું તો કાનુડાની "મટકાફોડ" ટોળી ઊભી હતી.

"હાં, તો કોઈકના ઘરની માખણ ભરેલી, દૂધથી છલછલતી મટકીઓનું વહેલી સવારે આવી બન્યું!" ચતુર્ભુજદાસ બબડ્યા.

"કૃપાનાથ...કયું નિશાન આજે પાડવાનું છે?" ચતુર્ભુજદાસે પૂછ્યું.

"અરે, પેલા શ્રીદામાના ભાઈના ઘરે હલ્લો કરવાનો છે."

"કોણ...શ્રીધર...ના...રે...બાબા...ના...મારે નથી આવવું, કાનુડા...પકડાઈ જઈએ તો ચામડાની ખાલ ઉતારી નાખે છે...તમતમારે જાવ...હું તો આ ચાલ્યો મારે ઘેર." ચતુર્ભુજદાસ બોલ્યા.

શ્રીદામાના ભાઈ શ્રીધરના ગુસ્સાને એ જાણતા હતા. એક વખત એના ઘરના હલ્લામાં શ્રીજીબાવા અને સાથેના બધા ભાગી ગયા હતા અને દૂબળો-પાતળો એ પકડાઈ ગયો હતો ત્યારે મારીમારીને એનું અધમૂઓ કરી નાખ્યો હતો. "લાલાનું તો કામ જ એવુ"- બબડતો એ દિવસે ઘરે આવ્યો ત્યારે નટખટ નંદકિશોરે એના પિતા કુંભનદાસને ફરિયાદ કરી હતી કે "તમારા ચતુર્ભુજે એની ગાફેલિયતના કારણે અમને માર ખવરાવ્યો."

ચતુર્ભુજદાસે એ દિવસથી નક્કી કર્યું કે કોઈપણ દિવસ આ રંગીલા ગિરધર સાથે "લીલા" કરવા ન જવું. ચતુર્ભુજદાસ એમના ઘર તરફ પાછા ફરતા હતા ત્યાં જ બળદેવજીએ એમના હળનો અણિયાળો ભાગ ચતુર્ભુજદાસના ગળામાં ભેરવી એમને એની નજીક ખેંચી લેતાં હુકમ કર્યો:

"ચાલ...ઘરે નથી જવાનું..." કહીને શ્રી ગોવર્ધનનાથ પાસે મૂકી દીધા.

"ચતુર્ભુજદાસ, આ વખતે એવું નહીં થાય...એ શ્રીધર દોડીને પકડવા આવશે ને તો સૌથી પહેલો અમે તને ભગાડી દેશું." શ્રી ગોવર્ધનનાથ બોલ્યા. ચોરપગલે બધા સખા શ્રીધરના ઘર તરફ આવ્યા અને અગાઉથી તૈયારી કર્યા મુજબ શ્રીદામાને ઘરમાં તપાસ કરવા મોકલ્યો.

વહેલી સવારે ઘરનાં બધાં જ સભ્યો ઊઠીને ગોવિંદકુંડમાં નાહવા ગયાં હતાં. શ્રીદામાએ ઇશારો કરી ભાઈના ઘરે "માખણલીલા"નો ખેલ કરવા શ્રીજીબાવાને એમની ટોળી સાથે નિમંત્ર્યા...ચતુર્ભુજદાસની સરદારી નીચે ટોળીએ ગૃહપ્રવેશ કર્યો...અને મટુકી ફોડવાનો અવાજ સાંભળી, શ્રીદામા અને શ્રીધરની મોટી બહેન કે જે પાડોશમાં ગઈ હતી, એ દોડી આવી...અને બૂમાબૂમ કરી મૂકી. ગ્વાલબાળો બધા ભાગ માંડ્યા. શ્રીજીબાવા અને દાઉભૈયા તો વંડી ઠેકીને ગુપચુપ નિજમંદિરમાં પહોંચી, ડાહ્યાડમરા થઈ સિંહાસન પર બેસી ગયા. સૌ નાસી છૂટ્યા, પણ પાંચ વર્ષનો નાનકડો ચતુર્ભુજદાસ પકડાઈ ગયો...શ્રીદામા અને શ્રીધરની મોટી બહેન હજી તો એને ધોલધપાટ કરે એ પહેલાં એણે ભેંકડો તાણ્યો...એટલે-

"આજ પછી ક્યારેય આવી રીતે માખણ-મિસરીની ચોરી કરવા આવીશ...તો તારા બાપ કુંભનાને પકડીને કાળી ઓરડીમાં પૂરી દઈશ!" એવી ધમકી આપી છોડી દીધો. ચતુર્ભુજદાસને રડતા જોઈ શ્રીજીબાવા અને એમની ટોળી મશ્કરી કરવા મંડી એટલે ચતુર્ભુજદાસે શ્રીજીબાવાને કહી દીધું: "બાવા...તમે બધાએ દૂધ-દહીં-માખણ બધું ખાધું...અને મને માર ખવડાવ્યો. જાવ, તમારી સાથે કોણ ચોરી કરવા આવે?"

- અને રિસાયેલા ચતુર્ભુજદાસને રીઝવવામાં ગિરિરાજધરણ લાગી ગયા...

૩. ચંદ્રસરોવર – પરાસોલીમાં રાસ

કુંભનદાસજી પ્રસન્ન હતા. યુવાન ચતુર્ભુજદાસ રાતદિવસ ઠાકોરજીની સેવામાં, આઠે સમાનાં દર્શનમાં અને એમની સાથે કાં તો ગોવિંદકુંડની પગથારે, અપ્સરાકુંડની કદમખંડીમાં, પૂંછરી ગામના પાદરમાં, શ્યામઢાક કે અન્ય સ્થળે એકાંતમાં બેસી રાતદિન ભગવત્-ચર્ચામાં સમય વ્યતીત કરતા હતા.

રાતનો સમય હતો. પૂનમનો ચાંદ આકાશમાં વિહરી રહ્યો હતો. ધરતી ચાંદનીના અમીરસમાં સ્નાન કરી રહી હતી. મંદમંદ હવા વાતાવરણમાં વાઈ હતી...કુંભનદાસ અને ચતુર્ભુજદાસ જમુનાવતા ગામની એમની ઝૂંપડીની ઓશરીમાં ભગવત્-ચર્ચા કરતા બેઠા હતા. ચર્ચાનો રંગ જામ્યો હતો, ત્યાં જ કુંભનદાસની નજર થોડેક દૂર ધવલ ચાંદનીમાં શ્રી ગિરિરાજજી સ્નાન કરી રહ્યા હતા...તે તરફ ગઈ...ગિરિરાજજીના શિખરના મંદિરમાં દીવાનો ઝળહળાટ કુંભનદાસની નજરે પડ્યો...ચર્ચા અટકી ગઈ. નીરવ વહેતી હવાના પાલવમાં દીવા ટમટમતા હતા.

“ચતુર્ભુજ...”

“આજ્ઞા, પિતાજી!”

“અત્યારે મંદિરના દીવા જોઈ પદનું એક મુખડું સૂઝે છે.”

“સંભળાવો, પિતાજી...એ પણ શ્રીજીબાવાના મનભાવન મનોરથનું એક સ્પંદન હશે.”

કુંભનદાસે બાજુમાં પડેલો તંબૂર હાથમાં લીધો અને એમની વૃદ્ધ - રુક્ષ આંગળીઓ તંબૂરના તાર પર ફરવા માંડી...અને કુંભનદાસે પદ છેડ્યું:

“વે દેખો બરત ઝરોખન દીપક હરિ પોઢે ઊંચી ચિત્રસારી”

અને કુંભનદાસ અટકી ગયા. એટલે ચતુર્ભુજદાસે એ પદને આગળ ગાયું:

“સુંદર બદન નિહારન કારન રાખે હૈં બહુત જતન કરી પ્યારી”

પિતા કવિ-દીકરાની પાદપૂર્તિ પર પ્રસન્ન થયા અને પૂછ્યું: “બેટા...આ લીલાનો તને અનુભવ થયો છે?”

“હા, શ્રી વલ્લભનંદનની કૃપાથી અને શ્રી મહાપ્રભુજીની કાનીથી શ્રીજીબાવાએ મને અનુભવ કરાવ્યો છે, પિતાજી!”

કુંભનદાસે કીર્તન પૂરું કરતાં ચતુર્ભુજદાસને સંભળાવ્યું:

“વે દેખો બરત ઝરોખન દીપક, હરિ પોઢે ઊંચી ચિત્ર સારી ।
સુંદર વદન નિહારન કારન, રાખે હૈ બોહોત જતન કરિ પ્યારી ॥
કંઠ લગાય ભુજ દે સિરહાને, અધર અમૃત પીબત પ્યારી ।
તન મન મિલિ પ્રાન પ્યારે, સો નૌતમ છબિ બાઢી અતિ ભારી ॥

કુંભનદાસ પ્રભુ સૌભગ, સીંવા જોરી, ભલી બની ઈકસારી ।
નવનાગરી મનોહર રાધે નવલ, લાલ શ્રી ગોવર્ધનધારી ॥

પિતાના પદશ્રવણમાં એકાકાર બની ગયેલા ચતુર્ભુજદાસને કુંભનદાસે કહ્યું:

“જો ગોવર્ધનનાથ પોતાની લીલા તારાથી ન છુપાવે તો હું પણ નહીં છુપાવું.”

તે દિવસથી બાપદીકરો સત્સંગ અને ભગવદ્-વાર્તામાં બધી જ લીલાઓનું મનહર વર્ણન એકબીજા પાસે કરી, ભગવદ્-લીલાનો આનંદ માણતા.

o o o

શ્રી વલ્લભના પ્રાકટ્યદિનની ઉજવણી કેમ કરવી એની ચર્ચાઓ શ્રીગુસાંઈજીની નિશ્રામાં ચાલી રહી હતી. એ દિવસે શ્રી ગોવર્ધનનાથજીને જન્માષ્ટમીની રીતે, અનેક પ્રકારની વિવિધ સામગ્રીઓનો ભોગ ધરવો અને પ્રસંગને અનુરૂપ સિંગાર ધરવાનું નક્કી થયું.

શ્રી વલ્લભનો પ્રાગટ્યદિન આવ્યો. ધામધૂમથી શ્રી ગોવર્ધનનાથજીને સામગ્રી અને શૃંગાર ધરાવવામાં આવ્યાં. ચતુર્ભુજદાસને એટલાં સુંદર દર્શન થયાં કે એમના મુખમાંથી પદ સરી પડ્યું:

“સુભગ સિંગાર નિરખી મોહન કૌ લે દરપન કર પિય હી દીખાવે ।
આપુન નેક નિહારિયે બલિ જાઉં, આજકી છબી કછુ કહત ન આવે ॥
ભૂપન વસન રહે ફલિ, ઠાંય ઠાંય, અંગ અંગ સોભા ચિત્ત હી ચુરાવે ।
રોમ રોમ પ્રફુલ્લિત વ્રજસુંદરી ફલન રૂચિ રૂચિ માલ બનાવે ॥
અંચલ વારિ કરતિ નોંછાવરી, તનમન અતિ અભિલાખ બઢાવે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર કો સ્વરૂપ, સુધા પિબત નેટનપુટ તૃપતિ ન પાવે ॥

ચતુર્ભુજદાસનું કીર્તન સાંભળી શ્રીગુસાંઈજી ખૂબ જ હર્ષાન્વિત થઈ ગયા. રાજભોગ ધરીને શ્રી વિઠ્ઠલેશ ગોવિંદકુંડ જતા હતા ત્યારે એમની સાથે ચતુર્ભુજદાસ અને એકબે વૈષ્ણવો હતા. તે વૈષ્ણવને શ્રીગુસાંઈજીને પૂછ્યું:

“કૃપાનાથ, ચતુર્ભુજદાસે એમના પદમાં ‘આજ કી છબી કછુ કહત ન આવે’ કેમ કહ્યું...બાકી આપ તો રોજ સેવામાં જાતજાતના શૃંગાર કરો છો, દર્પણ પણ બતાવો છો... આ પંક્તિનો ભેદ સમજાવવા કૃપા કરશો, કૃપાનાથ?” શ્રીગુસાંઈજીએ એક નજર ચતુર્ભુજદાસ પર નાખી અને ધીમેકથી ચતુર્ભુજદાસને કહ્યું:

“ચતુર્ભુજદાસ!”

“આજ્ઞા, કૃપાનાથ!”

“આ વૈષ્ણવને તમે જે હમણાં પદ ગાયું એમાં તમે ‘આજ કી છબી કછુ કહત ન આવે’ - એમ કહ્યું તેની નવાઈ લાગે છે. બાકી અમે તો રોજ નીતનવા શૃંગાર તો કરતા હોઈએ છીએ અને દર્પણ પણ દેખાડતા હોઈએ છીએ.”

"કૃપાનાથ, અવિનય થાય તો ક્ષમા કરશો...વૈષ્ણવ, નિરાંતે બેસો, ગોવિંદકુંડ આવી ગયો છે."

બન્ને વૈષ્ણવો ગોવિંદકુંડની પાળી પર બેઠા. શ્રીગુસાંઈજીએ છોકરના વૃક્ષ નીચેની બેઠક પર જમાવ્યું અને એક નજર ચતુર્ભુજદાસ પર નાખી. એ નજરનો આશય સમજી ગયા હોય એમ ચતુર્ભુજદાસે બીજું પદ ઉપાડ્યું:

માઈરી આજ ઔર કાલ્હિ ઔર દિનપ્રતિ ।
ઔર ઔર દેખિયે રસિક શ્રી ગિરિરાજધરન ॥
છિન પ્રતિ નવ છબી, બરને સો કૌન કવિ ।
નિત હી સિંગાર બાગે, બરન બરન ॥
સોભા સિંધુ અંગ અંગ મોહિત કોટિ અનંગ ।
છબિ હી ઉઠત તરંગ, વિશ્વ કો મનહરન ॥
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર કો સ્વરૂપ સુધા ।
પાન કીજે જીજે રહિયે સદા હી સરન ॥

આ પદ સાંભળી શ્રીગુસાંઈજીના ચહેરા પર સ્મિત ફરકી ગયું. એક વૈષ્ણવને તો સમજાઈ ગયું કે શ્રીજીબાવાને શ્રીગુસાંઈજી રોજ જુદા જુદા ભાવથી શૃંગાર ધરે છે...અને શ્રીજીબાવા ખૂબ જ પ્રસન્નતાથી એ અંગીકાર કરે છે... પરંતુ આ વાત બીજા સાથે આવેલા વૈષ્ણવને ન સમજાઈ.

"કૃપાનાથ...આ બે પદનો સંદર્ભ હજી મગજમાં બેસતો નથી, અર્થ સમજાતા નથી. કંઈક સ્પષ્ટતા કરવાની કૃપા કરશો."

શ્રીગુસાંઈજીએ સ્મિત સાથે વાત શરૂ કરી:

"જો, ભાઈ, આજે આપણા પુષ્ટિસંપ્રદાયના મહાન આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય-ઉત્સવ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી સ્વામિનીજીનું સ્વરૂપ છે...એટલે સ્વામિનીજીની હોંશનો પાર ન હોય એ વાત તો સાચી છે. આજે સ્વામિનીજી પોતાના મનોરથની સામગ્રી સિદ્ધ કરી શ્રી ગોવર્ધનનાથજી પાસે પધારે છે, સ્વહસ્તે શૃંગાર ધરાવે છે. એટલે શ્રીજીબાવા એના પર ખૂબ પ્રસન્ન થાય છે, માટે ચતુર્ભુજદાસે એના પદમાં કહ્યું:

આજકી છબી કછુ કહત ન આવે

એવી જ રીતે દરરોજ જુદા જુદા વ્રજભક્તો, વૈષ્ણવો પણ પોતપોતાના મનોરથોની સામગ્રી અને શૃંગાર તેમજ વસ્ત્રાભૂષણથી ઠાકોરજીને આભૂષિત કરે છે અને પરમ કૃપાળુ શ્રીનાથજીબાવા વ્રજભક્તોનું ક્ષણેક્ષણે સન્માન કરતા રહ્યા છે, ભક્તોના મનોરથો સિદ્ધ કરતા રહ્યા છે. તેથી જ ક્ષણેક્ષણે શ્રીજીબાવા "નવા" "નવા" લાગે છે. એમની શોભાનું વર્ણન જ અવર્ણનીય છે."

અને આ સમાધાન પછી વૈષ્ણવો બોલી ઊઠ્યા: "વાહ રે, ચતુર્ભુજદાસજી...તમે

કેટલા ભાગ્યશાળી છો કે શ્રીગોવર્ધનનાથજી તમને પોતાની ક્ષણેક્ષણની લીલા સહિત દર્શન દે છે!”

જવાબમાં ચતુર્ભુજદાસજી નમ્ર સ્મિત વેરી, શ્રીગુસાંઈજી પર દૃષ્ટિ ઢાળી ચક્ષુવંદન કરે છે.

ગિરિરાજજીની તળેટીમાં આન્યોર ગામ આજે હિલોળે ચડ્યું હતું. શરદઋતુ... આસો મહિનો...અને ગામડાના લોકોના અનેરા ઉત્સાહ પાછળનું કારણ હતું...વ્રજના રાસધારીઓનું આગમન.

વ્રજનાં ગામેગામ આ દિવસોમાં રાસધારીઓની ટોળી ફરતી રહેતી. ગામના ખેડૂતો ખેતીવાડીનાં કામોમાંથી નિવૃત્ત થઈ ગયા હોય, એટલે રાસધારીઓની રાસલીલા, કૃષ્ણલીલા અને રામલીલાના ખેલો જોવા ગામને પાદર નાખેલા તંબુઓમાં જોવા આવે. વ્રજધારીઓની સાથે સાથે જોબનવંતી વ્રજનારીઓનો ઉત્સાહ પણ રાસધારીઓની રાસલીલાઓ જોવામાં ઘણો હોય. રાસની રમઝટ બોલતી હોય, પાવા વાગતા હોય, મયૂર ઠેકા દેતા ઠમકઠમક નાચતા હોય...અને ગામડાની ગોરાંદે પાયલના ઠેકે રાસ રમવામાં કેટલી ઉત્સુક હોય છે એની ખબર રાસલીલા માણનારા અને જાણનારાને જ હોય છે.

આન્યોર ગામમાં રાસધારીઓ આવ્યાના સમાચાર ગિરિરાજજી પર શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં વ્યસ્ત રહેનારા શ્રી વલ્લભકુળના બાળકોને મળ્યા, ત્યારે એમના હૈયામાં પણ ઉમંગની ભરતી ઊછળવા માંડી.

એક સવારે રાસધારી-મંડળીનો નાયક એ વખતે ગિરિરાજજીમાં વસતા શ્રી ગોકુલનાથજી પાસે આવ્યો. એ વખતે શ્રી ગોકુલનાથજી ઉપરાંત વડીલ બંધુશ્રી ગિરિધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રી બાલકૃષ્ણજી તેમજ શ્રી રઘુનાથજી પણ ગોપાલપુર - નાથદ્વારામાં શ્રીજીબાવાની સેવામાં બિરાજતા હતા.

“કૃપાનાથ, આન્યોરના પાદરમાં મારી રાસમંડળી રાસ કરવાની છે... તો આપ સર્વે બાળકો રાસ જોવા પધારો, તો અમે રાસ કરીએ.”

- શ્રીગુસાંઈજી એ વખતે ગોકુલ ખાતે બિરાજતા હતા. એટલે ગોકુલનાથજી એમના વડીલ બંધુ શ્રીગિરિધરજી પાસે ગયા.

“મોટાભાઈ, આન્યોર ગામે રાસધારીઓની મંડળી આવી છે. અમારી સો બાળકોની ઇચ્છા છે કે આપણે અહીં રાસ કરાવીએ અને આપ રાસલીલામાં પધારો.”

“વલ્લભ, આજે કાકાજી અહીં હોત તો તેમને પૂછીને રાસ કરાવત. મારાથી કોઈ નિર્ણય ન લેવાય. હા કહું અને કદાચ એમને ન ગમે અને ગુસ્સે થાય તો? તમારી સૌની તીવ્ર ઇચ્છા જ હોય તો પરાસોલી ચન્દ્રસરોવર ઉપર રાસ કરાવો. અને હાં, મારાથી ગોપાલપુર - શ્રીનાથજી છોડીને નહીં અવાય.” શ્રીગિરિધરજી બોલ્યા.

શ્રીગિરિધરજીની સલાહ અનુસાર બાકીના બાળકોએ રાસધારીના રાસનું પરાસોલી

- ચન્દ્રસરોવર ખાતે આયોજન કરવાનો નિર્ણય લીધો. ચન્દ્રસરોવરની ભૂમિ આમેય સારસ્વત કલ્પની રાસસ્થલી હતી... ગોકુલનાથજીને ચતુર્ભુજદાસ યાદ આવ્યા.

"ચતુર્ભુજદાસ...તમારે પરાસોલી - ચન્દ્રસરોવર આજે અમારી સાથે આવવાનું છે." શરદપૂનમની સવારે મંગળાનાં દર્શનમાં પદ ગાવામાં વ્યસ્ત એવા ચતુર્ભુજદાસને શ્રી ગોકુલનાથજીએ આજ્ઞા કરી.

"ચન્દ્રસરોવર... પરાસોલી? કેમ અચાનક કાંઈ, કૃપાનાથ...?" - ચતુર્ભુજદાસને આશ્ચર્ય થયું. મંદિરમાં આજે રાતના શરદપૂનમના મનોરથની તૈયારી થઈ રહી હતી, ત્યાં આ સૂચન શ્રી ગોકુલનાથજી દ્વારા આવ્યું એટલે ચતુર્ભુજદાસજી વિચારમાં તો પડી ગયા.

"આજે તમને ખબર છે ને કે શરદપૂનમ છે?"

"હા, પ્રભુ!"

"આન્યોરમાં રાસધારીની મંડળી આવી છે. અમારી બાળકોની ઇચ્છા છે કે શરદપૂનમની રાતે ચન્દ્રસરોવર પર રાસનું મંડાણ કરીએ અને આપણા રાસરાસેશ્વરને પ્રસન્ન કરીએ." ગોકુલનાથજીએ કહ્યું.

ચતુર્ભુજદાસનું કવિહૃદય તો આનંદથી ઊછળવા માંડ્યું. શરદપૂનમ, ચન્દ્રસરોવર અને મનભાવન સખીઓ સાથેની રાસની રંગત...યુવાન હૈયાં ઝૂમી ઊઠ્યાં.

શ્રી ગિરિધરજીએ મંદિરમાં શયન આરતી કરી લીધી, એટલે શ્રી વલ્લભકુળની યુવામંડળી રાસધારીઓ સાથે ચન્દ્રસરોવર પર રાસનું મંડાણ કરવા નીકળી પડી. જુવાન ચતુર્ભુજદાસ પણ ગાતા, નાચતા, આનંદોર્મિથી છલકાતા રાસધારીઓ સાથે નીકળી પડ્યા.

રાત્રીના ત્રણ પ્રહર વીતી ગયા. ગગનને ગોખ પૂર્ણિમાનો ચાંદ પૂરબહારમાં ખીલ્યો હતો. મંદમંદ પવનની લહરોમાં ગોપબાળાઓનાં ગવન ઊડતાં હતાં. દાંડિયાની રમઝટ બોલતી હતી. ત્યાં જ શ્રી ગોકુલનાથજી એક ખૂણામાં બેઠા બેઠા રાસનાં દર્શન કરતા ચતુર્ભુજદાસ પાસે આવ્યા અને આજ્ઞા કરી:

"ચતુર્ભુજદાસ...આજની આ રઢિયાળી રાત્રે કાંઈક સરસ મજાનું પદ લલકારો."

"કૃપાનાથ..." - કહેતાં મૂંઝાયેલા ચતુર્ભુજદાસ આગળ બોલતા અટકી ગયા.

"કેમ અટકી ગયા, ચતુર્ભુજદાસ...જુઓ કેવો રંગ જામ્યો છે...શરદપૂનમની રાત્રે રાસ રમાતો હોય, તમારા જેવા કવિ હાજર હોય અને તમે રાસનાં પદો ન ગાઓ એ કેમ ચાલે?"

"કૃપાનાથ, આવા સરસ વાતાવરણમાં હૈયું તો મારુંય પદો - ગરબીઓ ગાવા ખૂબ ઊછળે છે. પણ હું મારી ગરબીઓ, પદો કોની આગળ ગાઉં? મારા શ્રી ગોવર્ધનનાથજી રાસ રમતા હોય, એમનાં રસભર્યાં દર્શન થતાં હોય, તો રાસ-ગરબી ગાઉં. આપણા રાસ-રાસેશ્વર તો અત્યારે ગિરિરાજજીમાં ગોસ્વામી ગિરિધરજી પાસે

બિરાજે છે. તમે રાસ રમનારાને અહીં પધરાવી લાવો... અને પછી જુઓ રાસની રમઝટ!"

"ચતુર્ભુજદાસજી, પણ એ કેમ બને? રાત્રીનો છેલ્લો પ્રહર જ બાકી છે. એમને પધરાવવા જઈએ, ત્યાં આવતા-જતામાં રાત્રીનો છેલ્લો પ્રહર વીતી જાય અને સવાર પડી જાય...અને એ તો આપણા નટખટ શ્રીગોવર્ધનનાથ છે. પધરામણી કરે પણ ખરા...અને ન પણ કરે!" ગોકુલનાથજી મૂંઝવણ અનુભવતા બોલ્યા.

"શ્રી ગોવર્ધનનાથજીની પધરામણીની ચિંતા ન કરો. એક જ ઘડીમાં શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી ગોવર્ધન-ગિરિધરજી બન્ને અહીં પધારશે." - ચતુર્ભુજદાસ અનોખા આત્મવિશ્વાસ સાથે બોલ્યા.

"ગોરધન!" - શ્રીગિરિધરજી બેઠકમાં આરામ કરતા હતા ત્યાં જ સુગંધિત વાતાવરણ અને ઝળાંહળાં પ્રકાશ વચ્ચેથી એક મીઠો..નંદનંદનનો સૂર ઊઠ્યો. શ્રીગિરિધરજી બેબાકળા ઊભા થઈ ગયા...

"ઓચિંતા, કૃપાનાથ, શું છે? આપે રાત્રીના છેલ્લા પ્રહરમાં સેવકને યાદ કર્યો...?" - શ્રીગિરિધરજી હાંફળાફાંફળા બોલી ઊઠ્યા.

"નક્કી ઠાકોરજીને કાંઈક અસુખ થયું હોવું જોઈએ. કાકાજીની ગેરહાજરીમાં સેવામાં કાંઈક ચૂક જરૂર આવી હોવી જોઈએ." શ્રીગિરિધરજી દંડવત્ કરીને ચૂપચાપ શ્રીજીબાવા સામે નતમસ્તકે ઊભા રહી ગયા.

"ગોરધન...મારી સાથે ચાલો." - શ્રીજીબાવાએ આજ્ઞા કરી.

"બાવા...આટલી મોડી રાત્રે ક્યાં પધારવું છે?"

"ચન્દ્રસરોવર-પરાસોલી જઈને રાસ રમવાની મારા ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવા જવું છે."

"કૃપાનાથ, પણ આપને પરિશ્રમ પડશે...હવે સવાર પડવાને ઝાઝી વાર નથી." ગિરિધરજી થોથવાતા સ્વરે બોલ્યા. જાણ્યે-અજાણ્યે વાણીમાં અવિવેક થઈ જાય અને શ્રીજીબાવા રિસાઈ જાય તો ઉપાધિ થઈ જાય. કાકાજીનું પણ "મારી ગેરહાજરીમાં મારા બાવાશ્રીને પણ સાચવી ન શક્યા, ગોરધન!" સાંભળવું પડે, ઠપકો ખાવો પડે. પરંતુ શ્રી ગોવર્ધનનાથજી તો કશું જ સાંભળ્યા વગર ચાલવા મંડ્યા. ગિરિધરજીને ધડકતા દિલે લાચાર બની શ્રીજીબાવા પાછળ ચન્દ્રસરોવર જવું પડ્યું.

ચન્દ્રસરોવર પર રાસનો રંગ જામ્યો હતો. ઝાંઝ, પખાજ, ઢોલ, ઇત્યાદિ વાદ્યોથી ધરતી ધમકતી હતી. રાસધારીઓ એમની અપ્રતિમ કલાનું પ્રદર્શન કરતા રાસ લેતા હતા. વ્રજમંડળની વનિતાઓ પણ "એકએક ગોપી ને એકએક ગાન"ની ધૂનમાં રાતદિનનું ભાન ભૂલી તનમનથી રાસની હીંચ લેતી હવામાં ઊછળતી હતી...આકાશમાંથી ચન્દ્ર ચાંદનીનાં અમીવર્ષણ ઢોળી રહ્યો હતો...બરોબર જામેલ રંગીન વાતાવરણમાં ચતુર્ભુજદાસે શ્રીજીબાવાને ગિરિધરજી સાથે રાસમંડપમાં પ્રવેશતા જોઈ એમની જાતને

ધન્યધન્ય અનુભવતા - એક ભક્તની - એક ચતુર્ભુજદાસની ઇચ્છાને- માન આપી...શ્રી ગોવર્ધનનાથજી આટલી મોડી રાત્રે પરિશ્રમ સહીને પણ રાસ રમવા પરાસોલી પધાર્યા હતા, એનો ભક્તકવિને આનંદ હતો...અને એ આનંદ એમના સૂરીલા કંઠે ગહેકી ઊઠ્યો:

અદભુત નટ ભેખ ઘરે જમુના તટ શ્યામ સુંદર ।
ગુન વિધાન ગિરિવર ધરન રાસ રંગ રાચે ॥
જુવતી જૂથ સંગ મિલિ, ગાવત કેદારો રાગ ।.
અધર બેનુ મધુર મધુર સપ્તસૂર સાચે ॥
ઉરપ તિરપ લાગ ડાટ તતતત થેઈ ।
ઉઘટત શબ્દાવલિ ગતિ, ભેદ કોઉ ન વાંચે ॥
"ચતુર્ભુજ" પ્રભુ વન વિલાસ મોહે સબ સુર ।
આકાસ નિરખિ થક્યો, ચન્દ્રરથ પશ્ચિમ કે ખાંચે ॥

ચતુર્ભુજદાસના પદથી અને શ્રી ગોવર્ધનનાથજીના રાસસ્થલી પરના આગમનથી વાતાવરણ મહેકી ઊઠ્યું. રાસ લેતા રાસધારીઓ તેમજ વ્રજવનિતાઓના પગમાં એવું જોમ આવી ગયું કે આખાં શરીર ઊછળીને નાચતાં હતાં...

"ચતુર્ભુજદાસ...સમયનું ભાન છે કે? શો સમય થયો છે?" - શ્રી ગોવર્ધનનાથજીએ એ પદ પર ઝૂમી ઊઠતાં પૂછ્યું...રાત પૂરી થઈ રહી હતી...સવાર આવી રહી હતી...અને રાસની રમઝટ જામતી જતી હતી.

જવાબમાં ચતુર્ભુજદાસે 'ભૈરવ' રાગમાં પદ ઉપાડ્યું:

પ્યારી તુજ ગ્રીવા મેલિ, નિર્તત પિય સુજાન ।
મુદિત પરસ્પર લેતા ગતિ મૈં સુગતિ ગુણરાસ રાધે ગિરિધર ગુન નિધાન ॥
સરસ મુરલી ધુનિ મિલે મધુર સૂર રાસરંગ ભીને ગાવે ઓ ઘટ તાન બંધાન
"ચતુર્ભુજ" પ્રભુ સ્યામ સ્યામા કી નટની દેખી મોહે ખગમૃગવન થકિત વ્યોમ વિમાન

ચતુર્ભુજદાસનું 'ભૈરવ' રાગનું પદનું સાંભળી શ્રી ગોવર્ધનનાથજી હસી પડ્યા. સવાર પડી રહી હતી...રાસ પૂર્ણ થવામાં હતો...ખેલૈયાના અંતરમાં રાસ પૂર્ણ થવાથી - એમના શ્રી ગોવર્ધનનાથથી વિખૂટા પડવાની વેળાની વેદના ઘૂંટાઈને ચહેરા પર આકાર પામવા માંડી હતી.

અને એ ઘડી પણ આવી પડી, શ્યામથી જુદા પડવાની...શ્યામના વિરહની...સૌ કોઈ ભારે હૈયે એમના સ્વસ્થાને કાળની અવિરત ગતિને કોસતા ચાલી નીકળ્યા...

આ ચાંદ આકાશમાં જડવત્ થઈ ગયો હોત તો?

આ નક્ષત્રો...આકાશનાં બાવલાં બની ગયાં હોત તો?

કાળની વહેતી ગતિને જડવત્ બનાવી દે તેવી કોઈ શિલા પડી હોત - કાંઈક બંધ રચાઈ ગયો હોત...અને કાળ હિમાલય થઈ ગયો હોત તો?

આવી કેટલીય ગાંડીઘેલી કલ્પનાઓ સાથે ગોપ-ગોપિકાઓ અને વલ્લભકુળના બાળકો સ્વસ્થાને પહોંચ્યા ત્યારે ગોકુલથી શ્રીજીબાવા ગોપાલપુર - શ્રીનાથજી પરત આવી ગયા હતા. શ્રીગોકુલનાથજીએ દિલ ખોલીને રાસધારીઓની કલાને બિરદાવતું સન્માન કર્યું...સારું એવું દ્રવ્ય પણ આપ્યું. શ્રીજીબાવા પણ નિજમંદિરમાં પધાર્યા.

“મંગલા”ના શંખનાદથી ગોવર્ધન પર્વતની પરોઢ ગુંજી ઊઠી. મોડી રાત્રે શ્રીનાથદ્વારે આવી પહોંચેલા શ્રીગુસાંઈજી દર્ભશય્યાનો ત્યાગ કરી સ્નાનાદિક કાર્યથી પરવારીને નિજમંદિરમાં શ્રી ઠાકોરજીને જગાડવા શય્યામંદિરમાં પધાર્યા...ત્યારે મંદિરના પરિસરમાં હજી સુધી રાસલીલાના માહોલમાં રાચતા અર્ધજાગ્રત ચતુર્ભુજદાસજીનું પદ વાતાવરણમાં ગુંજતું - શ્રીજીબાવાને જગાડવાનું કાર્ય કરી રહ્યું હતું:

“ભોર ભયો” નંદ જસુદાજી બોલત, જાગો જાગો મેરે ગિરિધર લાલ ।
રતન જટિત સિંહાસન બૈઠો, દેખન કોં આઈ બ્રજબાલ ॥
નિયરેં જાય સુબેની! ખેંચત બહુરૌ, હરિ ઢાંપત બદન રસાલ ।
દુધ દહી ઔર માખન - મેવા, ભામિની ભરિ લાઈ હૈ થાલ ॥
તબ હરિ હરષિ ગોદ ઉઠિ બૈઠે, કરત કલેઉ તિલક દૈ ભાલ ।
દૈ બીરા આરતિ વારતિ હૈ, “ચતુર્ભુજ” ગાવત ગીત રસાલ ॥

“બાવા, જાગો...સવાર પડી...” શ્રીગુસાંઈજી જશોદામૈયાના ભાવથી શ્રીજીબાવાને ઉઠાડવા મથી રહ્યા હતા. વાતાવરણમાં ચતુર્ભુજદાસની મીઠી હલકનું પદ ગુંજતું હતું. શ્રીજીબાવા જાગતા નહોતા. શ્રીગુસાંઈજી સામે અર્ધનિદ્રિત નયનો ખોલી, પાછા બંધ કરી દેતા હતા.

“બાવા, જાગો...રાતના ક્યાં રાસ રમવા ગયા હતા? આંખમાં ઉજાગરો અને તનમાં શ્રમ ભર્યો છે.” શ્રીગુંસાઈજી બોલ્યા...માંડમાંડ શ્રીજીબાવા જાગ્યા એટલે શ્રીગુસાંઈજીએ વહાલથી સિંહાસન પર પધરાવ્યા...બાળસ્વરૂપ શ્રીજીબાવાના ચહેરા પર થાક વરતાતો હતો.

“રાજભોગ”ની આરતી પછી શ્રીગુસાંઈજીએ ગિરિધરજી સહિત બધા બાળકોને તેમજ ચતુર્ભુજદાસજીને બેઠકજીમાં બોલાવ્યા. એમની પાસેથી આગલી રાતના મહારાસની વિગતો જાણી બોલ્યા:

“આપણે શ્રીજીબાવા સામે હઠ કરી...એમને રાસલીલામાં પ્રવૃત્ત કર્યા એ સારું નથી કર્યું. એ બાળક છે...થાકી જાય...એમને આવો પરિશ્રમ ન અપાય...ઠાકોરજી તો રોજ રાસ કરે જ છે, પણ એ પોતાની ઇચ્છાથી. આપણી ઇચ્છા બાળક ગોપાલ પર ક્યારેય લાદીને એમને લાચાર ન બનાવવા. તમારી ઇચ્છાથી શ્રીજીબાવાને રાસમાં જોડાવું પડ્યું, એટલે કેટલો બધો શ્રમ એમને પડ્યો! ભવિષ્યમાં આપણે ઠાકોરજીના સુખનો જ વિચાર કરવો...” સૌ કોઈનાં મસ્તક ઢળી પડ્યાં.

૪. પુષ્ટિસંપ્રદાયના મહાન કવિઓમાં સ્થાન

નાનકડા ચતુર્ભુજદાસ કુંભનદાસના ખેતરમાં કૂવા પાસેના ચોતરા પર બેઠા બેઠા એમના વૃદ્ધ પિતાને ખેતર ખેડતા જોતા બેઠા હતા. સવારનો પહોર હતો. મંદમંદ પવન લહેરાતો હતો. પૂર્વના આકાશમાંથી સૂર્યદેવતા ગિરિરાજજીની પર્વતમાળા પાછળથી ધીમે ધીમે ઉદીયમાન થઈ રહ્યા હતા. પંખીઓનો કલરવ અને હળ ખેંચતા પિતાના કંઠેથી વહેતું પદ ચતુર્ભુજદાસ સાંભળી રહ્યા હતા:

અવધિ અષાઢ ધામ ગ્રીષમ રિતુ અબ બરષા રિતુ આઈ જૂ ।
લૈ સિર ડલા ચલી ગોપીજન, મારગ અતિ અકુલાઈ જૂ ॥
ગિરિવર ધર આતુર ઊઠિ આયે, છાક તરે ઉતરાઈ જૂ ।
મંડલ જોર સબન જેંવન બૈઠે, ગ્વાલ મંડલી બુલાઈ જૂ ॥
"કુંભનદાસ" પ્રભુ ગોવરધન-ધર જેંવત રુચિ ઉપજાઈ જૂ ।

ગ્રીષ્મ ઋતુની ગરમીથી તાપમાન ધીમેધીમે ગરમ થતું જતું હતું. વાતાવરણ તપતું જતું હતું. પિતાની વૃદ્ધ કાયા પર પ્રસ્વેદબિંદુઓ ઝમી રહ્યાં હતાં. સવારે મંગળાનાં દર્શન કરી બાપદીકરો ખેતરે આવી ગયા હતા અને ખેતર ખેડવાનું કથોરું કામ બાપ કરી રહ્યા હતા. નાનકડા ચતુર્ભુજદાસને મંગળાનાં દર્શન કરી ખેતર પર આવવું નહોતું.

બસ એ જ હળ, એ જ ખેતર, એ જ કોશ...એ જ પાવડો...રાતદિવસ પિતા ખેતર ખેડવામાં, ધરતીની માટીને ઉપરનીચે કરવામાં, બાજુમાં વહેતી યમુનાનદીમાંથી જલ ઉલેચીને ખેતરમાં વાવેલાં બિયાંને પાવામાં જ વ્યસ્ત રહી નિરર્થક જનમ "ગવાઈ" રહ્યા હતા. આ બધી જંજાળમાં ભગવાનનું નામ, કીર્તનસેવા બધું જ ગુમાવી દેતા હતા એનો નાનકડા ચતુર્ભુજદાસને રંજ હતો.

"આવો મૂલ્યવાન મનખાદેહ મળ્યો છે ને બાપુ કોદાળી, પાવડા અને હળની જળોજથામાં પડી ખેતર ખેડવાની ક્રિયામાં એમનું મૂલ્યવાન જીવતર વેડફી રહ્યા છે!"

ચતુર્ભુજદાસને આજ સવારનો જ પ્રસંગ યાદ આવી ગયો. કુંભનદાસ એમની મસ્તીમાં "અવધિ અષાઢ ધામ ગ્રીષ્મ રિતુ"નું પદ એમના સૂરીલા કંઠે શ્રીગોવર્ધનનાથજીને સંભળાવી રહ્યા હતા, ત્યારે શ્રીજીબાવા તેમજ શ્રીગુસાંઈજી મહારાજના ચહેરા પર કેવું પ્રસન્નતાનું સ્મિત ફોરી રહ્યું હતું! ગુરુ અને ગોવિંદની કૃપાથી છલછલતું સ્મિત પણ આજના કળિકાળમાં "ભાગ્યશાળી"ને જ મળે. એમના પિતા કુંભનદાસ એ રીતે બડભાગી જીવ હતા. શ્રીનાથજીને એમના પિતાનાં પદો સમા-સમાનાં દર્શનમાં સાંભળ્યા વગર ચેન નહોતું પડતું. અને હમણાં હમણાં તો કિશોર ચતુર્ભુજદાસના મુખમાંથી પણ "મંગલમૂર્તિ સદા સુખી" એવી શ્રીજીબાવાની પ્રસન્નવદના મૂર્તિ જોઈને

"મંગલ આરતી ગોપાલકી ।
નિત ઉઠિ મંગલ હોત, નિરખી મુખ, ચિત્તવન નૈન વિસાલકી ॥
મંગલરૂપ સ્યામ સુંદરકૌ, મંગલ છવિ ભ્રકુટિ ભાલકી ।
"ચતુર્ભુજદાસ" સદા મંગલ-નિધિ, બાનિક ગિરિધર લાલકી ॥

જેવાં પદો નીકળી જતાં. ચતુર્ભુજદાસજીએ હળ ખેંચતા પિતાની સાથે કદમ મિલાવતાં એમની અસ્વસ્થતા રજૂ કરતાં પૂછ્યું:

"પિતાજી...લખચોરાસીની ખેપ કરીને માણસ પ્રભુકૃપાથી માનવયોનિમાં જન્મ પામે - અને સંસારની આધિ વ્યાધિ અને ઉપાધિમાં વ્યસ્ત બની...એના અધમ-ઓધારણ કૃપાળુ નંદનંદનનો એ ઉપકાર ભૂલી, મોહમાયામાં લપેટાઈ જાય એ કેટલે અંશે યોગ્ય કહેવાય?"

"દીકરા...ભક્તિરસ અને એનું દાન કરનાર ઈશ્વરને માણસે ભૂલવો ન જોઈએ." પિતાએ કહ્યું.

"પિતાજી, તમે જ તો આ હળ-ખેતરની દુનિયામાં પડ્યા છો...આવાં ક્ષુલ્લક કાર્યો પાછળ સમય બગાડી રહ્યા છો...ખુદ ઠાકોરજી તમારાં પદો સાંભળવા ખૂબ જ ઉત્સુક હોય છે, ત્યારે તમે હજી ખેતર ખેડી રહ્યા છો." ચતુર્ભુજે કહ્યું. કુંભનદાસ દીકરાની સામે જોઈ રહ્યા. ઉંમરના પ્રમાણમાં દીકરો કંઈક વધુ વિચારતો, બોલતો થઈ ગયો હતો. જોકે એની વાતમાં તથ્ય તો હતું જ, પણ...કુંભનદાસજી હસી પડ્યા.

"કેમ તમને હસવું આવે છે?" - નાનકડા ચતુર્ભુજદાસ ક્ષોભ પામતા બોલી ઊઠ્યા.

"બેટા...પ્રભુ ખૂબ જ દયાળુ છે. સમયાનુસાર એ જે કાંઈ સેવા આપે એ માણસે કરતા રહેવી જોઈએ. આ ખેતીવાડીનું કર્મ પણ એક પ્રકારની ભગવત્-સેવા જ છે."

"કઈ રીતે, તાતશ્રી?"

"હું તને આપણાં પુરાણોમાં - ઋગ્વેદમાં એક કથા આવે છે તે તને કહું, એટલે એના પરથી તું જ નક્કી કરજે કે ખેતીવાડી એ પણ પ્રભુસેવાનો જ એક પ્રકાર છે કે નહીં." - કુંભનદાસ બોલ્યા.

"જરૂર, પિતાશ્રી, મને તમારી વેદકથા સાંભળવી ગમશે."

"વર્ષો પહેલાં વેદાંતકાળમાં એક ગુરુકુળ હતું. એના કુલપતિ - આચાર્ય અગસ્ત્ય ઋષિ હતા...એમને ત્યાં અભ્યાસ કરવા આવતા શિષ્યને પ્રવેશતાં જ કહે...

'ભાઈ...આ સામે પડેલી કોદાળી હાથમાં લે...અને આ વણખેડાયેલું ખેતર ખોદવા માંડ...ખેતી કર અને લક્ષ્મીનું ઉપાર્જન કર.' ખેતીનું કાર્ય પણ એક પ્રકારની સેવા જ છે, સંગીતમય સાધના છે. જે માનવીને એના પરમતત્ત્વ તરફ દોરી જાય છે."

"કેવી રીતે, પિતાશ્રી?"

"આપણા મનરૂપી ખેતરને ખોદવા માંડે એટલે જ્ઞાન હાથમાં આવે. અને જ્ઞાન હાથમાં આવે એની સાથેસાથે આ સંસાર શું છે, સંસારનાં ઈશ્વરસર્જિત સંતાનો કોણ છે, એની યથાર્થતા કેટલી છે...એ બધી વાત સમજાય...માનવીનાં મનરૂપી ખેડાયેલ ખેતરોમાં ભક્તિ, જ્ઞાન અને સંગીતનો ત્રિવેણીસંગમ થાય એટલે આપોઆપ ખેતીકાર્ય એ ભગવત્-સેવા બની જાય છે...સંગીતની ભાષામાં વાત કરીએ તો, બેટા, આ હળ છેને તે જિંદગીની વીણા છે અને આ જમીનનો પટ એ પ્રભુસ્મરણના રમણનો વિસ્તાર છે. આ ધરતી પરનો હિલોળા લેતો પાક છે એ જ મારા ગોવર્ધનનાથ છે...અને હું ખેતર ખેડી, સેવાનાં બીજ એ ખેતરમાં રોપી...ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવતા પાકનાં દર્શનમાં જ મારા નાથને જોઉં છું...અને આ બધાં કાર્યો...ખેતર ખેડવાં, પાણી સીંચવું, બીજારોપણ કરવું...આ બધું શું ભગવાનનું ધ્યાન, ભગવાનનું કાર્ય, ભગવાનનું સ્મરણ નથી?" કુંભનદાસ બોલ્યા.

"તાતશ્રી, પણ શ્રી ગિરિરાજજીના મંદિરમાં શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખમાં ભક્તિ કરવી, પદો ગાવાં, શૃંગાર આરતી ને રાજભોગનાં દર્શન કરવામાં જે આનંદ આવે છે એ અહીં ધોમધખતા તડકામાં નથી આવતો." ચતુર્ભુજદાસ બોલ્યા.

"બેટા, જિંદગીમાં આ પણ એક સાધના છે - જેનું આખરી ફળ તો પરમતત્ત્વની પ્રાપ્તિ...આ ગરમી, આ પસીનો - કષ્ટ એ બધાંને શરીર સાથે સંબંધ છે...જ્યારે ભક્તિ, ચિંતન, સાધના, આ બધી ચીજોને સીધો પરમાત્મા સાથે સંબંધ છે. માણસે એ જે સૃષ્ટિમાં - જે વાતાવરણમાં - જે પરિસ્થિતિમાં જીવે છે એ વાતાવરણ, એ પરિસ્થિતિને અનુરૂપ સેવાકાર્ય કરવાનું હોય છે...અને એ જ સાચી ભક્તિ છે...સાચી ઉપાસના છે. અને પરિશ્રમ - પછી એ શારીરિક કે માનસિક હોય - પરંતુ એ જ આપણા ગોવર્ધનનાથ પાસે પહોંચવાનો પંથ છે...એના દ્વારા જ પરમતત્ત્વ પાસે પહોંચી શકાય છે. પ્રભુનું નામસ્મરણ ગાતાં, કૂદતાં, નાચતાં શ્રીકૃષ્ણની સમીપ પહોંચવામાં જ મજા છે...પ્રભુની આરાધનામાં ખેતી "ધર્મ" પણ છે...જ." કુંભનદાસ બોલ્યા.

બરોબર એ જ વખતે પવન ફૂંકાવા માંડ્યો, વાતાવરણની ગરમી ગાયબ થઈ ગઈ અને એની જગ્યાએ આહ્લાદકતાનું શીતલ હવામાન ચારે તરફ પ્રસરી ગયું. આકાશમાં ઘેરાતાં વાદળોના ગડગડાટથી વાતાવરણ સંગીતમય બની ગયું. વરસાદના છાંટા પડવા લાગ્યા. ચતુર્ભુજદાસ નાચી ઊઠ્યા અને બોલી ઊઠ્યા:

"બાપુ...બાપુ... આ તો આપણા વહાલાની કૃપાનું ફળ... વરસાદ..."

"હા, બેટા...આ વરસાદ છે તે આપણી કઠોર કર્મહીન ધરતીને પ્લાવિત કરતું ભક્તિજળ છે, આનંદની ગંગા છે, મનભાવન જમના છે." અને ચતુર્ભુજદાસના મુખમાંથી પદ સરી પડ્યું:

બ્રજ પર ઉમગી આજ ઘટા ।
નઈ નઈ બુંદ સુહાની લાગત, ચમકતી બિજુ છટા ॥

ગરજત ગગન મૃદંગ બજાવત નાચંતિ મોર નટા ।
ગાવત હી સૂર દેત ચાતક પિક, પ્રગટ્યૌ મદન ઘટા ॥
સબ મિલિ ભેટ દેત નંદલાલહિં બૈઠે ઉંચી અટા ।
"ચતુર્ભુજ" પ્રભુ ગિરિધરન લાલ પહિરે, કસુંભી પીત પાટા ॥

"અરે, ચતુર્ભુજદાસ...શું ગાય છે?"

શ્રી ગોવર્ધનનાથજીના મંદિર પર આરોહણ કરતા શ્રીગુસાંઈજી એમની આગળ જતા ચતુર્ભુજદાસને સંબોધીને બોલી ઊઠ્યા.

પ્રભાતનો પ્હો ગિરિરાજજીની ગિરિમાળા પર ફાટફાટ થઈ રહ્યો હતો. મયૂરના ટેહુક...ટેહુક કેકારવથી પૂર્વની ક્ષિતિજની ગુલાબી ફોરવા માંડી હતી. કોકિલાનું કૂજન ગિરિકંદરાની આમ્રવાટિકાને પવનની પાંખે ભરી દેતું હતું. હરણાંની દોડધામ, શિયાળવાંની લાળી અને ગાયોના ગળાની ઘંટડીનો રણકો કુદરતની રંગીન સંગીતની મહેફિલના સપ્ત સૂરોનું વાતાવરણ નિર્માણ કરી રહ્યો હતો.

આવા સુમધુર વાતાવરણ વચ્ચે ખૂબ જ હળવા સ્વરે પર્વતારોહણ કરતા ચતુર્ભુજદાસના કંઠમાંથી... "ઘર ઘર ડોલત માખણ ખાત" એ પદ ગુંજી રહ્યું હતું. શ્રીગુસાંઈજીના કાને શબ્દો અથડાયા અને શ્રી વલ્લભનંદન બોલી ઊઠ્યા:

"અરે, ચતુર્ભુજદાસ, શું ગાય છે?"

- ચતુર્ભુજદાસ શરમાઈને ગાતા અટકી ગયા.

"અરે...અરે...કુંભનદાસ...આ ચતુર્ભુજદાસ પદ ગાતો અટકી કેમ ગયો?" - શ્રીગુસાંઈજી બોલ્યા.

"કૃપાનાથ...અવિવેક થયો હોય તો માફ કરજો...છોકરાને જ્યાં ને ત્યાં પદો લલકારવાની એક ટેવ પડી ગઈ છે." - કુંભનદાસ ક્ષોભ સાથે બોલી ઊઠ્યા. ચતુર્ભુજદાસ પણ કેમ જાણે કોઈ મોટો અપરાધ થઈ ગયો હોય તેમ શરમાઈને સંકોચાઈ ગયા.

"અરે, કુંભનદાસ...છોરો તો સરસ ગાય છે...ને શું?"

"ખરેખર, કૃપાનાથ?" હરખાઈને કુંભનદાસ બોલ્યા.

"કેવી સરસ ગળામાં મીઠાશ ભરી છે...ચતુર્ભુજદાસ...કંઈક ગા...હમણાં મંદિર પર પહોંચી જઈશું."

"કૃપાનાથ...હજી તો કાચી ઉંમરનો છે...રાગરાગિણી ને આલાપનું ખાસ ભાન પણ નથી. ઠાકોરજીની કૃપા છે...ને ટેવ પડી ગઈ છે... છાશવારે...ગમે ત્યાં ગાવા બેસી જાય છે. હજી ગળુંય બરોબર ખૂલ્યું નથી...ભાવ, શબ્દ, રાગરાગિણી, આરોહ-અવરોહ કશાની ખાસ ગતાગમ નથી..." - કુંભનદાસ વિનમ્રભાવે બોલ્યા.

"કુંભનદાસ...તમારે વધુ પડતા નમ્ર બનવાની જરૂર નથી. હૃદયને સ્પર્શી જાય, શિર ડોલાવી દે અને વાતાવરણને બહેલાવી દે તેવું સુંદર ગાન તમારા દીકરાના મુખેથી

હું સાંભળતો, પાછળપાછળ આવતો હતો. ચાલો કીર્તનઘરમાં આવો છો ને? સાથમાં ચતુર્ભુજદાસને પણ લેતા આવો...આજે ભલે મારો ગોવર્ધનનાથ...એક બાળકલાકારનાં પદોથી ભીંજાતો." - કહેતા શ્રીગુસાંઈજી સ્નાનઘરમાં નાહવા ચાલ્યા ગયા.

"ચતુર્ભુજ...આજ તો, બેટા, તારા ભાગ્યનાં કમાડ ખૂલી ગયાં ને શું? તારા પર શ્રી વલ્લભનંદનની...અને મારા વહાલા ગોવર્ધનનાથની કૃપા ઊતરી છે, દીકરા...તારાં પદોથી શ્રીજીબાવાને રીઝવવાની તને તક શ્રીગુસાંઈજીએ આપી છે..."

દીકરાને હૈયા સરસો ચાંપતાં આનંદવિભોર બની ગયેલા કુંભનદાસજી ચતુર્ભુજદાસને હોંશભર્યા કીર્તનઘરમાં લઈ ગયા...ત્યાં તો સૂરદાસથી માંડી નંદદાસ સુધીના બધા જ અષ્ટછાપ સખા કવિઓએ કિશોર ચતુર્ભુજદાસનું ભાવભર્યું, પ્રોત્સાહન પ્રેરતું સ્વાગત કર્યું...

મંગલાનાં દર્શન ખૂલી ગયાં.

મંગલમુખી સદા સુખી...
આનંદ મંગલ શ્રી કૃષ્ણ મુરારી દર્શન દીજો ગિરિધારી

એ ભક્તિસભર - જયઘોષના વાતાવરણ વચ્ચે મંગલાની આરતી વખતે શ્રીગુસાંઈજીએ કીર્તનઘર પર નજર કરીને ખૂણામાં ઊભેલા ચતુર્ભુજદાસને આંખના ઈશારે આજ્ઞા કરી...

"ચતુર્ભુજદાસ...આજે પ્રભુને કાંઈક સંભળાવો." ચતુર્ભુજદાસે અનુમતિ માટે એમની આંખો કુંભનદાસ પર ઠેરવી.

"બેટા...આપણા ગુરુદેવની ભારે કૃપા ઊતરી...હૈયામાંથી આનંદની સરવાણી ફૂટી નીકળે એવું એકાદ સરસ પદ શ્રી ઠાકોરજીના ચરણે ધરી દે..." - આંખોથી જ કાંઈક આવા ભાવો સાથે કુંભનદાસે ચતુર્ભુજદાસને પદ સંભળાવવા અનુમતિ આપી અને એક કડક પરીક્ષકની અદાથી દીકરાને એના હાથમાં પોતાનો તંબૂર આપ્યો. તે સાથે એમણે પદનો આરંભ કર્યો:

ઘર ઘર ડોલત માખણ ખાત ।
ગ્વાલ બાલ સબ સખા સંગ લિયેં, સૂને ભવન ધસી જાત ॥
જબ ગ્વાલિની જલ ભરી ઘર આઈ, તબહિ ભાજે મુસિકાત ।
"ચતુર્ભુજદાસ" ગિરિધરલાલસૌં નાહિન કછુ બસાત ॥

- અને ચતુર્ભુજદાસે આંખો બંધ કરી દીધી...આંખોમાંથી આર્દ્રતાનાં આંસુ સરી પડ્યાં.

"વાહ...વાહ...કિશોર કલાકાર...વાહ..."

દર્શનાર્થીઓના વૃંદમાંથી ધ્વનિ ઊઠ્યા.

શ્રીગુસાંઈજી પણ પુલકિત હૈયે કિશોર ભક્ત કલાકારને ભેટી પડ્યા...એને

આશીર્વાદ આપતા, એનું માથું સૂંઘતા ભાવભીના સ્વરે નાના ખભે મોટો ઉપરણો ઓઢાડતાં બોલી ઊઠ્યા:

“કુંભનદાસ...દીકરાના ગળામાં તો મધઝરતી કોકિલવાણીનો વાસ છે...કેટલી સરસ મીઠાશ છે...દીકરા ચતુર્ભુજ...આ જ લગનથી - આ જ પરિશ્રમથી...સંગીતની સાધના કરતો રહેજે... પુષ્ટિસંપ્રદાયના મહાન કવિઓમાં તારું નામ લેવાશે...વત્સ!”

- અને ચતુર્ભુજદાસની આંખો ખૂલી. સિંહાસન પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીની આંખોમાં એમને શ્રીગુસાંઈજીના આશીર્વાદનો ભાવ છલકતો દેખાયો. અને કિશોર ચતુર્ભુજ દંડવત્ કરતા ઢળી પડ્યા.

૫. 'ફિરિ બ્રજ બસહુ શ્રીવિઠ્ઠલેસ'

"ચતુર્ભુજદાસ..."

"આજ્ઞા, કૃપાનાથ..."

"અપ્સરાકુંડ પાસે ગુફામાં રહેતા રામદાસજી હજી આવ્યા નથી. દર્શનનો સમય થવા આવ્યો છે...તું જરા હડી કાઢીને એમને બોલાવી આવ તો...એમની તબિયત બરોબર ન હોય તો ખબર આપવા તુરત પાછો આવજે."

શ્રીનાથજીના મુખિયાજી રામદાસજી અપ્સરાકુંડ પાસેની એક ગુફામાં વર્ષોથી રહેતા હતા. ગુફાનું અંધારિયું પણ એકાંતપ્રિય રામદાસજીને અનુકૂળ એવું નિવાસસ્થાન હતું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જમાનાથી શ્રીગોવર્ધનનાથજીના મંદિરના મુખિયાજી રૂપે કાર્યરત એવા રામદાસજી શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક હતા. શ્રીગુસાંઈજીના છ માસના પરાસોલી-ચન્દ્રસરોવરના શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન-સેવાથી વિમુખ એવા વિરહકાળ દરમિયાન રામદાસજી કૃષ્ણદાસની આજ્ઞા વિરુદ્ધ શ્રીગુસાંઈજીને શ્રીજીબાવાની બીડાની પ્રસાદી પહોંચાડતા અને શ્રીગુસાંઈજીની વિરહ-વિજ્ઞપ્તિઓ ઠાકોરજીને પહોંચાડવાની સેવા કરતા હતા.

ચતુર્ભુજદાસ શ્રીગુસાંઈજીને દંડવત્ કરી અપ્સરાકુંડ તરફ ગયા અને રામદાસજીને શોધીને મંદિર તરફ રવાના કર્યા અને પોતે મસ્તીથી અપ્સરાકુંડની કદમખંડીની કુંજનિકુંજોમાં ફૂલો વીણવા નીકળી પડ્યા...

એક કુંજવાટિકામાં પ્રવેશતાં જ ચતુર્ભુજદાસજીને અલૌકિક અનુભવ થયો. કુંજવાટિકાનું વાતાવરણ દિવ્ય સુગંધથી મહેંકી રહ્યું હતું. પંખીઓના કંઠમાંથી મધુર સ્વરો વહી રહ્યા હતા. કોઈ દિવ્યાત્માઓનું નિવાસસ્થાન હોય એવું વાતાવરણ સર્જાયેલું હતું. દિવ્ય પ્રકાશથી વનાંચલનો પ્રદેશ ઝગમગી રહ્યો હતો.

ચતુર્ભુજદાસે નિકુંજમાં પ્રવેશતાં જ શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી એકબીજાના ખભે એમના શ્રીહસ્ત મૂકતાં, નિદ્રામાંથી જાગ્યાં હોય તેવા સ્વરૂપે કદમખંડીમાંથી બહાર પધારતાં દર્શન થયાં. એક ક્ષણ પૂરતી તો ચતુર્ભુજદાસની આંખો ચકાચૌંધ થઈ ગઈ. ઝળાંહળાં પ્રકાશમાં દેદીપ્યમાન યુગલસ્વરૂપનું દર્શન અદ્‌ભુત હતું. ચતુર્ભુજદાસના હૈયામાંથી આનંદના ઓઘ ઊમટ્યા...નિષ્પલક નયને યુગલસ્વરૂપનાં દર્શન કરતાં દેહનુસંધાન કેટલીય પળો સુધી ગુમાવી બેઠા... અને ધ્યાનસ્થ અવસ્થામાં જ એના મુખમાંથી નિહાળેલી લીલાનું પદ નીકળી પડ્યું.

ગોવર્ધનગિરિ સઘન કંદરા રયનિ નિવાસ કિયો પિય પ્યારી ।
ઉઠિ ચલે પ્રાત સુરત - રસભીને - નંદનંદન વૃષભાનુ દુલારી ॥
ઈત વિગલિત કચ માલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી ।
ઉતહી અધર મસિ પાગુ રહી ધસિ દુહું દિસિ છબિ લાગતિ અતિભારી ॥

ઘૂમત આવત રતિ રનુ જીતે કરિનિ સંગ ગજવર ગિરિધારી ।
"ચતુર્ભુજદાસ" નિરખિ દંપતિ સુખ તન-મન પ્રાન કીનો બલિહારી ॥

ચતુર્ભુજદાસજીના પદ પર શ્રી ગોવર્ધનનાથજી તેમજ શ્રીસ્વામિનીજી ખૂબ જ પ્રસન્ન થયાં...અને શ્રીનાથજીબાવાએ આજ્ઞા કરતાં ચતુર્ભુજદાસજીએ બીજું પદ ગાયું:

રજની રાજ લિયો નિકુંજ નગર કી રાની ।
મદન મહિપતિ જીત મહારન, શ્રમજલ સહિત જુંગાની ॥
પરમ સૂર સૌંદર્ય ભ્રુકૂટિ ધનુષ અનિયારે નયન બાન સંધાની ।
દાસ ચતુર્ભુજ પ્રભુ, ગિરિધર રસ સંપતિ બિલસત જ્યોં મનમાની ॥

ચતુર્ભુજદાસ કેટલીય પળો સુધી દેહાનુસંધાન ગુમાવી બેઠા અને લીલાનો જીવ "યુગલસ્વરૂપ"નાં દર્શનની રસલહાણ માણતો રહ્યો.

ધીમેધીમે પ્રકાશ વિલીન થવા માંડ્યો. વિલીન થતા પ્રકાશમાં શ્રીજીબાવા અને સ્વામિનીજીનું યુગલસ્વરૂપ પણ વિલીન થઈ ગયું...પાછળ રહી ફક્ત દિવ્યાત્માની મહેકતી સુગંધ.

"અરે, ચતુર્ભુજદાસ...ક્યાં હતા અત્યાર સુધી...તમે તે ફૂલો ચૂંટવા ગયા હતા કે પછી..." કહેતા શ્રીગુસાંઈજી હસી પડ્યા.

"કૃપાનાથ...શું કહું...આજ તો ભારે કૌતુક થયું!" - આનંદવિભોર ચતુર્ભુજદાસજી મંદિરમાં પહોંચતાં જ શ્રીગુસાંઈજીના પ્રશ્નનો જવાબ વાળતાં બોલી ઊઠ્યા.

"શું કૌતુક વળી?" - મંદમંદ સ્મિત વેરતા શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા.

"કૃપાનાથ...આશ્ચર્ય...આશ્ચર્ય...બસ આશ્ચર્ય!" - ચતુર્ભુજદાસ તો એમની ધૂનકીમાં આનંદિત સ્વરે બસ બોલતા જ રહ્યા.

"પણ કાંઈક વાત તો કરો!"

"શું વાત કરું, કૃપાનાથ...આજનાં દર્શને તો આયખું આખું ધન્ય ધન્ય થઈ ગયું!" - ચતુર્ભુજદાસની વાણીનો ધોધ અવિરતપણે વહ્યે જતો હતો.

"દર્શન...કોનાં દર્શન? તમે મંદિરમાં શૃંગારનાં દર્શનમાં તો હતા નહીં."

"કૃપાનાથ, આપે મને રામદાસ મુખિયાજીને બોલાવવા અપ્સરાકુંડ પર મોકલ્યો હતો ને?"

"હા, તે એનું શું છે...રામદાસ શ્વાસભેર હાંફતા-ફાંફતા આવી ગયા હતા."

"કૃપાનાથ...એમને વિદાય કરી હું તો અપ્સરાકુંડ પાસેની કદમખંડીમાં શ્રીજીબાવા માટે ફૂલો ચૂંટવા ગયો..."

"અને ફૂલોની મહેકમાં તમે એવા તો ખોવાઈ ગયા...કે રાજભોગનાં દર્શનની વેળાએ પાછા ફર્યા." - શ્રીગુસાંઈજી હસીને બોલ્યા.

"કૃપાનાથ, સાચે જ ખોવાઈ ગયો હતો."

"એ બાજુની કુંજગલીઓ અટપટી ઘણી છે...ઘણા યાત્રાળુઓ ગિરિરાજજીની પરિક્રમા કરવા નીકળે છે ત્યારે ત્યાંની કદમખંડીમાં અટવાઈ જાય છે ખરા." શ્રીગુસાંઈજી બોલ્યા.

"કૃપાનાથ...હું એક કદમખંડીમાં પ્રવેશ્યો...ફૂલોથી લચી પડેલી કુંજવાટિકામાં પ્રવેશતાં જ મારું તનબદન અનોખા દિવ્ય પરિમલથી ભરાઈ ગયું...મસ્ત પવન, વનાંચલનાં વૃક્ષોનાં પર્ણોની મર્મર, વધુ ને વધુ પ્રકાશના વર્તુળની એક આભા... અને કૃપાનાથ, સાચું કહું, હું તો કુંજવનની કોઈક સ્વપ્નિલ ભોમકામાં સરી પડ્યો હોઉં, તેમ મસ્ત સુગંધમાં હડસેલાતો ગયો. કોના હડસેલા, કોની સુગંધ, કશું જ ભાન નહોતું રહ્યું. અને શ્રી વલ્લભનંદન...શું કહું...કુંજગલીની એક કંદરામાંથી...એક કંદરામાંથી...આપણા શ્રીગોવર્ધનનાથજી અને શ્રીસ્વામીજી એકબીજાના ખભે હાથ મૂકીને બહાર નીકળતાં હતાં એવાં અદ્‌ભુત દર્શન થયાં. પ્રકાશની ઝળાંહળાં આભામાં યુગલસ્વરૂપ નિદ્રામાંથી જાગૃત થઈ બહાર નીકળતું દેખાયું...અને કૃપાનાથ..."

"બસ...બસ...એક ક્ષણ, ચતુર્ભુજદાસ...એક ક્ષણ...તમે વર્ણવેલા યુગલસ્વરૂપનું ધ્યાનસ્થ દશામાં આ જીવને દર્શન કરી લેવા દ્યો. તમે તો બડભાગી જીવ છો...ચતુર્ભજદાસ! કે આજના કળિકાળના યુગમાં "યુગલસ્વરૂપ"નાં આવાં દર્શનના અધિકારી બન્યા...દુર્લભ દર્શનનો લહાવો લીધો...વાહ...વાહ! મારા ગોવર્ધનધર...વાહ! તારી લીલાનો કોઈ પાર નથી, એવી જ રીતે ભક્તજનો પર તારી કૃપાનો પણ પાર નથી..." શ્રીગુસાંઈજીનો ભાવવાહક સ્વર ધીમેધીમે વિરહના કારણે ગુમાવી દીધેલા દેહાનુસંધાનમાં શાંત થઈ ગયો.

"કૃપાનાથ...જાગો...હજી તો યુગલસ્વરૂપે આ 'જીવ' પર વરસાવેલી કૃપાવર્ષાનું મારે નિવેદન કરવાનું છે...શ્રી ગોવર્ધનનાથે મારા દંડવત્ સ્વીકાર્યા અને પદ સંભળાવવાની આજ્ઞા કરી. અને મા સ્વામિનીજી તો આ દીકરા પર વહાલ વરસાવતાં મરકમરક હસતાં જ રહ્યાં...બસ હસતાં જ રહ્યાં..."

- અને ચતુર્ભુજદાસે શ્રીગુસાંઈજીની આજ્ઞાની રાહ જોયા વગર એમણે યુગલસ્વરૂપ આગળ ગાયેલાં પદો ગાઈ સંભળાવ્યાં ત્યારે શ્રીગુસાંઈજીનું મસ્તક અનોખી મસ્તીમાં ડોલતું રહ્યું.

○ ○ ○

અપ્સરાકુંડની કુંજગલિયનમાં એકવાર શ્રીગોવર્ધનનાથજી ચતુર્ભુજદાસ સાથે ખેલ ખેલતા હતા... ચતુર્ભુજદાસને દાવ દેવાનો હતો. શ્રીજીબાવા કુંજવાટિકાનાં વૃક્ષોની પાછળ સંતાઈને "ચતુર્ભુજ...હું અહી છું"ની બૂમ પાડે - ચતુર્ભુજદાસ દોડીને પકડવા જાય ત્યાં બીજા વૃક્ષ પાછળથી બૂમ પડે. ઠાકોરજી પકડાય નહીં. હાંફતાં-હાંફતાં થાકેલા ચતુર્ભુજદાસ કંટાળીને અપ્સરાકુંડની પાળ પર બેસી ગયા.

"ચતુર્ભુજ..બસ થાકી ગયો?"

"હા, પ્રભુ...આ સૂકલકડી શરીર ક્યાં સુધી દોડાદોડ કરી શકે? દોડવા માટેય તાકાત તો જોઈએનેચ" - ચતુર્ભુજદાસ બોલ્યા.

"ચતુર્ભુજદાસ...તું લગન કરી લે." શ્રીજીબાવા બોલ્યા.

"મારાં લગન તો થઈ ગયાં છે, કૃપાનિધાન!" ચતુર્ભુજદાસ હસીને બોલ્યા.

"કોની સાથે?" પ્રભુએ પૂછ્યું.

"તમારી સાથે જ તો!" ચતુર્ભુજદાસે હસીને પ્રત્યુત્તર વાળ્યો.

"જો, ચતુર્ભુજદાસ...તું હવે સંસારી જીવડો બન...આ તારી ફોફળી કાયામાં તાકાત પૂરે એવી સરસ રસોઈ બનાવીને આપે એવી કોઈ વ્રજબાળાને પરણી જા...આ તું જરાક હાડેતો થાને પછી...તારી સાથે રમવાની મજા આવે."

"કૃપાનાથ...મારે ધોળે ધરમેય કોઈ સાથે લગ્ન કરવાં નથી.. અને સંસારની મોહ જાયામાં પડી તમારી ભક્તિ, તમારી સેવા, તમારું આ સાંનિધ્ય...આ સુખ...ક્યાં છોડું? મારે, કૃપાનાથ, જિંદગીમાં ખોટનો વેપલો નથી કરવો."

"ચતુર્ભુજદાસ...મારે તને મીંઢળ-સોતો...સરસ મજાની પત્ની સાથે જોવો છે...મારી તને આજ્ઞા છે કે તું ખૂબ જ જલદીથી સંસારી થઈ જા..."

ચતુર્ભુજદાસે હસીને વાત ઉડાડી મૂકી. પરંતુ શ્રીજીબાવાએ એમની હઠ છોડી નહીં...અને આખરે શ્રીજીબાવા ચતુર્ભુજદાસને પરણાવ્યે રહ્યા. બે વર્ષમાં જ ચતુર્ભુજદાસની વહુ એક રાત્રે મૃત્યુ પામી. ચતુર્ભુજદાસને આઘાત સ્ત્રીના મૃત્યુનો નહીં, પણ સોળ સોળ દિવસ સૂતકના પાળવા પડે અને એ દિવસો દરમિયાન ઠાકોરજીની સેવાથી એમને વિખૂટા પડવું પડ્યું એનો આઘાત ભારે લાગ્યો.

રાત અને દિવસ ચતુર્ભુજદાસ 'શ્રીજીબાવા'ની સેવા છૂટવાના વિરહમાં ગાંડાઘેલા થઈ ગયા. વહેલી સવારથી...મંગલાથી માંડી શયન સુધીનાં દર્શનથી એ વિમુખ થઈ ગયા હતા. એકલા એકલા ખાધાપીધા વગરના વિરહના દિનો પસાર કરવામાં ચતુર્ભુજદાસનું શરીર ખૂબ જ કૃશ થઈ ગયું... પથારીમાંથી ઊભા ન થઈ શકે એવી હાલત થઈ ગઈ. રાતદિવસ વનમાં એકાદ પીપળાના ઝાડ નીચે બેસી વિરહનાં પદો ગાતા...

ભોર ભાંવતો ગિરિધર દેખૌં ।
વિમલ કપોલ લોલ લોચન છબિ, નિરખિ કૈં નૈન સુફલ કરિ લેખૌં ॥
નખસિખ રૂપ અનુપ વિરાજિત અંગ - અંગ મન્યા કોટિ વિસેખૌં ।
'ચત્રભુજ' પ્રભુ રસ-રાસિ રસિકકોં બડે ભાગ બલ ઈક ટકુ પેખૌં ॥

ચતુર્ભુજદાસનાં વિરહપદોથી શ્રીગુસાંઈજી પણ ખૂબ જ વ્યાકુળ બની રહ્યા હતા. એક સાંજે એ ચતુર્ભુજદાસને આશ્વાસન આપવા ગયા...તો ચતુર્ભુજદાસ એમને વળગીને આંસુ સારતા ગાઈ ઊઠ્યા:

સ્યામ સુન્દર પ્રાન પિયારે છિનુ જિનિ હોહુ નિન્યારે ।
નેકું કી ઓટ મીન જ્યોં તલફત ઈનિ નૈનનકે તારે ॥
મૃદુ મુસકાનિ બંક અવલોકનિ, ડગમગ ચલનિ સહજમેં સુઢારે ।
“ચત્રભુજ” પ્રભુ ગિરિધર બાનિક પર કોટિક મન્મથ મારે ॥

સૂતકના દિવસો પૂરા થતાં જ, ચતુર્ભુજદાસજી શૃંગારનાં દર્શન કરવા મંદિર તરફ લગભગ દોડ્યા...અને શૃંગારનાં દર્શન કરતાં શ્રીજીબાવા સામે દંડવત્ કરતાં ખડા થઈ ગયા. શ્રીનાથજીબાવાના ચહેરા પર હાસ્ય વિલસ્યું.

“બાવા...હસવું કેમ આવે છે? સંસારમાં મને નાખી મારી તો હાલત પેલા કૂતરા જેવી કરી નાખી...ન હાટનો...ન ઘાટનો...મારી કીર્તનસેવા છૂટી...વિરહનાં આંસુ સારતાં આંખો સૂજી ગઈ...મારાં પદોમાં સદાય મન પ્રફુલ્લિત કરતો સંયોગનો શૃંગારરસ પ્રગટ થતો હતો એની જગ્યાએ વિરહનો રસ, પુષ્ટિસંપ્રદાયનો તાપનો રસ જાગ્રત કરી દીધો...શું મળ્યું, બાવા, આવું બધું કરવામાં?”

શ્રીજીબાવા ફરી હસ્યા...એ જ ચહેરા પરનું ટીખળી હાસ્ય...

“બાવા...મારી દશા પર હસો છો ને...હસો...હસો, તમારા દિવસો છે હસવાના.”

“ચતુર્ભુજદાસ...તું બીજું લગ્ન કર.” હસતાં હસતાં શ્રીજીબાવા બોલ્યા.

“શુંઉઉઉ...ફરી લગન...અને હું?” - ચતુર્ભુજદાસ ચમકીને બોલ્યા.

“હા, તું...ફરી લગન કર.” શ્રીજીબાવા બોલ્યા.

“બાવા...જવા દોને એ વાત...હવે મારી ઉંમરની કઈ કુંવારી બાકી રહી હશે તે હું લગન કરું?”

“કુંવારી ન મળે તો વિધવા સાથે લગ્ન કર, પણ તું લગ્ન કર, ‘ચતુર્ભુજદાસ!’ શ્રીજીબાવા બોલ્યા. જવાબમાં ચતુર્ભુજદાસ કશું જ બોલ્યા વગર એમના મુકામે ચાલ્યા ગયા.

ચતુર્ભુજદાસ ઉત્થાપનનાં દર્શન કરવા આવ્યા. અંતરમાં શ્રીજીનાં દર્શનનો તાપ ઘણો હતો. સોળ દિવસના વિરહની - દર્શન વગરના દિવસોની સ્મૃતિ હજી હૈયામાં અકબંધ હતી. એમના મુખમાંથી એક વધુ વિરહનું પદ સરી પડ્યું:

ગોપાલકો મુખારવિંદ જિયમેં વિચારો ।
કોટિ ભાનુ કોટિ ચન્દ્ર મદન કોટિ વારોં ॥
કમલ નૈન, ચારૂ બૈન, મધુર હાસ સોહૈ ।
બંકટ અવલોકનિ પર જુવતિ સબ મોહૈ ॥
ધર્મ, અર્થ, કામ, મોક્ષ, સબ સુખકે દાતા ।
“ચતુર્ભુજ” પ્રભુ ગોવર્ધનધર ગોકુલ કે ત્રાતા ॥

ઉત્થાપનનાં દર્શન વખતે શ્રીજીબાવાને દંડવત્ કરતા ચતુર્ભુજદાસને ફરી એક વખત શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું:

"ચતુર્ભુજદાસ...તું લગ્ન કરી લે. કુંવારી કન્યા ન મળે તો વિધવા સાથે નાતરું કરી લે...પણ..."

"પણ, બાવા...તમને મને જ પરણાવવાનો શો મોહ લાગ્યો છે...એ વાતનો કાંઈ ફોડ પાડશો?" ચતુર્ભુજદાસે પૂછ્યું.

"બસ, મારી આજ્ઞા છે..." શ્રીજીબાવા હસીને બોલ્યા.

"બાવા...નાતરું કરવા માટેય છોકરી મળવી જોઈએ."

"એની વ્યવસ્થા હું કરું છું...મારે મારા ભક્તને પરણેલો જોવો છે..."

એ દિવસે શયન આરતીનાં દર્શનમાં સદ્દુ પાંડે શ્રીનાથજીને દંડવત્ કરતા હતા ત્યાં જ શ્રીજીબાવાનો દિવ્ય મધુર અવાજ કાને પડ્યો:

"સદ્દુ પાંડે...તમારે એક સધવા...વિધવા...એક કન્યા શોધવાની છે."

સદ્દુ પાંડેની આંખો વિસ્ફારિત થઈ ગઈ. એક ક્ષણ પૂરતી તો શ્રીજીબાવાની આજ્ઞાના શબ્દોમાં કાંઈ સમજણ ન પડી.

"કેમ...કેમ... બાવા! તમે અને સધવા...વિધવા..કન્યા...શું વાત છે?"

"હા...સધવા, વિધવા, છાંડેલી, માંડેલી કોઈ પણ કન્યા ચાલશે." શ્રી ગોવર્ધનનાથ હસીને બોલ્યા.

"બાવા...કોની ડોકે વળગાડવાનું ગોરપદું કરવું છે?" સદ્દુ પાંડેએ પૂછ્યું.

"આ આપણો લઘરવઘર રહેતો ચતુર્ભુજદાસ છે ને એને પરણાવવો છે..." શ્રીજીબાવા બોલ્યા.

"બાવા...એક તો બિચારી મરી ગઈ...અને બાવા એ છોકરી સાથે પરણાવવાનોય તમે જ ત્રાગડો કર્યો હતો. તે બાવા, આજકાલ તમને ભક્તોને સંસારની જાળમાં-માયામાં ફસાવવાનો શો 'સોલો' ચડ્યો છે? બિચારો જીવ નિરાંતે ચોવીસે કલાક તમારી સેવામાં, સાંનિધ્યમાં ભક્તિભાવપૂર્વક એની જિંદગી ગુજારી રહ્યો છે, ત્યારે આવા સલાડા શીદને એની જિંદગીમાં ઊભા કરો છો, બાવા?"

"એ તું ન સમજે...તારે મારી આજ્ઞાનું પાલન કરવાનું છે. તમારા પરિવાર, કુળ કે બિરાદરીમાંથી વિધવા તો વિધવા, પણ એક કન્યા શોધીને આપણે ચતુર્ભુજદાસને બીજી વાર પરણાવવો છે એ નક્કી વાત છે."

શ્રી ગોવર્ધનનાથજીની આજ્ઞા પ્રમાણે સદ્દુ પાંડેએ એની જ બિરાદરીમાંથી એક વિધવા શોધી કાઢીને શ્રી ગોવર્ધનનાથજીની આજ્ઞાથી ધરાર નાતરું ચતુર્ભુજદાસ સાથે કરાવ્યું.

'બેય માણસ' શ્રીજી બાવાને દંડવત્ કરવા મંદિરમાં આવ્યાં ત્યારે નટખટ કનૈયો હસતો હતો.

"કેમ, ચતુર્ભુજદાસ, સંસાર કેમ ચાલે છે?" - શ્રીજીબાવા ક્યારેક ચતુર્ભુજદાસને પૂછતા. ચતુર્ભુજદાસ શરમાઈને નીચું જોઈ જતા. સંસારની જળોજથા વધતી જતી હતી

અને હરિનામ ઓછું લેવાતું હતું. શ્રી ગોવર્ધનનાથજી હવે તો એની ટીખળ પણ કરતા.

"અલ્યા, ચતુર્ભુજદાસ...બૈરી મરી ગયે ચાર મહિના પણ નથી થયા ને તારા જેવો ભગત માણસ ઘોડે ચઢીને નાતરું કરી આવ્યો?"

"બાવા...આ તમારી આજ્ઞા કેમ ઉથાપાય?" - ચતુર્ભુજદાસજી કહેતા.

"અમે તો કહીએ પણ તારે વિચારવું જોઈએને? સંસારનો રસ મીઠો લાગ્યો.. કે શું?" કહેતાં શ્રીનાથજી અષ્ટસખામંડળના કીર્તનકારો સાંભળે તેમ બિચારા જીવની ઠઠ્ઠા-મશ્કરી કરતાં કહેતા...

"જુવો છો ને આપણા આ વૈષ્ણવને...પહેલી સ્ત્રી મરી ગયે હજી ચાર મહિના પણ નથી થયા ને બીજી સ્ત્રી સાથે નાતરું કરી આવ્યા...કુંભનદાસ જેવા વૈષ્ણવના દીકરા આવા હોય?"

ચતુર્ભુજદાસ લાચાર બની ચૂપચાપ શ્રીજીબાવાની અને એમના વૈષ્ણવોની મશ્કરી સહન કરી લેતા, પરંતુ ચતુર્ભુજદાસથી વધુ વાર ન સહેવાયું. એમણે શ્રીજીબાવાની સન્મુખ જઈને ઈંટનો જવાબ પથ્થરથી વાળતા હોય એમ બોલી ઊઠ્યા:

"બાવા...મેં તો બીજી વારનું નાતરું કર્યું છે, હક્કથી વિવાહ કરીને વિધવા છોકરીને ઘરમાં બેસાડી છે, અને એ પણ તમારી આજ્ઞા અને ઇચ્છાથી લગન કર્યાં છે...અને તમે મારી મશ્કરી કરો છો? તો તમે શું કરો છો? તમારાં પરાક્રમ કાંઈ ઓછાં નથી. તમે વ્રજની એકબે નહીં..બધી જ ગોપીઓ જોડે રોજ વિલાસભોગ નથી કરતા...?"

ચતુર્ભુજદાસનો ક્રોધ ભભૂકી ઊઠ્યો હતો અને સ્વયં ભગવાન સામે, એમના લાડલા પ્યારા શ્રી ગોવર્ધનનાથ સામે શબ્દોનાં આકરાં બાણ છૂટી ગયાં હતાં. શ્રી ગોવર્ધનનાથજી હેબત ખાઈ ગયા, ચૂપ થઈ ગયા. એમણે બીજા દિવસે "મંગળા"ની આરતી કરતા શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી. શ્રીગુસાંઈજી ભક્ત અને ભગવાન વચ્ચેની આ લીલાથી પરિચિત હતા. પરંતુ એમણે આ બાબતમાં માથુ મારવાનું ટાળ્યું હતું. શ્રીજીબાવાને એમના ભક્તજન સાથે રમૂજી લીલા ખેલવાનું મન થયું હશે એમ માની એ આ વાતથી અત્યાર સુધી દૂર જ રહ્યા હતા. શ્રીજીબાવાએ ફરિયાદ કરતાં કહ્યું:

"કાકાજી, ચતુર્ભુજદાસ મને આવું આવું કહી જાય...કહે છે કે તમે વ્રજની એકબે નહીં, બધી ગોપીઓ જોડે રોજ વિલાસભોગ નથી કરતા?"

"કૃપાનાથ...તમને ઊઠીને આવું કહ્યું?" ચહેરા પર મોઘમ ગંભીરતા સાથે મનોમન "કેમ કેવું કહ્યું ભક્તજને?" નો ભાવ રમાડતા શ્રીગુસાંઈજી બોલ્યા.

"હા...મને કીધું...આવું તે કાંઈ કહેવાય?" શ્રીજીબાવા પણ ચહેરા પર ઠાવકાઈ રમાડતાં બોલ્યા.

"હું ચતુર્ભુજદાસને બોલાવી ઠપકો આપીશ."

"હા હોં, કાકાજી, બરોબર ઠપકો આપજો, હા..." નાના બાળકની જેમ ખુશ થતા ચૌદ લોકના નાથ બોલી ઊઠ્યા.

શ્રીગુસાંઈજીએ ચતુર્ભુજદાસને બોલાવી પૂછ્યું:

"ચતુર્ભુજદાસ, તમે આવું કહ્યું?"

"કૃપાનાથ...શું કરું રોજ મને ટોણા મારે...અમારી બિરાદરીમાં તો ઠેરઠેર મારી નિંદા આ ટોણાથી થવા માંડી છે. હું રાત-દિવસ નિરાંતે ભજન કરતો હતો - શ્રીજીબાવાનું નામ લેતો હતો, એમાં ખુદ જાતે ઊઠીને મને સંસારમાં નાખ્યો, પછી તો અલૌકિક જીવે પણ ના છૂટકે લૌકિક ટીકા સાંભળવા તૈયાર રહેવું જોઈએ."

"ચતુર્ભુજદાસ...ગમે તેમ તોય એ આપણા ઇષ્ટદેવ છે, ભગવાન છે. એમને આવું ન કહેવાય...શ્રીજીની લીલાનો પાર પામવાવાળા આપણે તે ભલા કોણ? હવે આવું બોલશો નહીં."

"કૃપાનાથ...તમે પણ બાવાશ્રીને કહી દેજો...કે મને આવું આવું જાહેરમાં ન કહે..."

"સારું...સારું. આપણે હવે શ્રી ગોવર્ધનનાથજીનું એકાદ સરસ પદ લલકારો, એટલે આપણો વહાલો ખુશ થાય."

ચતુર્ભુજદાસે શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પદ ઉપાડ્યું:

નાગરિ છાંડિ દૈ ચતુરાઈ ।
આંતર ગતિ કી પ્રીતિ પરસ્પર, નૌહિન દૂરત દૂરાઈ ॥
જ્યોં જ્યોં ઠાનત મૌન ધરિ, મુખ રૂખ રાખિ બઢાઈ ।
ત્યોં ત્યોં પ્રગટ હોત ઉર અંતર, કાંચ કલસ જલ ઝાઈ ॥
ભ્રકુટિ ભાવભેદ મિલવત સબ, નાગર સુઘર સિખાઈ ।
"ચતુર્ભુજ" પ્રભુ ગિરિધર ગુન સાગર, સૈનન ભલી પઢાઈ ॥

જમનાવતાથી ગિરિરાજજીનો પંથ કાપતાં ચતુર્ભુજદાસના મનમાં શ્રીજીબાવાનાં દર્શનની ઝંખના પરાકાષ્ઠાએ પહોંચી ગઈ હતી.

સવારનો સમય હતો. ફાગણ મહિનાના દિવસો હતા.

શ્રીગુસાંઈજી પરદેશ પધાર્યા હતા. શ્રી ગોવર્ધનનાથજીની આજ્ઞાથી શ્રી ગિરિધરજી સમસ્ત વલ્લભકુળ પરિવાર સાથે શ્રીજીબાવાને મથુરામાં સતઘરાના મુકામે પધરાવીને ગયા હતા. ફાગણ વદ સાતમના દિવસે શ્રી ગિરિધરજી તેમજ શ્રી વલ્લભકુળના બાળકોએ એમનું સર્વસ્વ શ્રીજીબાવાને ચરણે ધરી દીધું હતું. શ્રી ગોવર્ધનનાથજીએ એનો સહર્ષ સ્વીકાર કરતાં એક બેટીજીએ એક સોનાની વીંટી જે છુપાવી રાખી હતી, એ પણ માગીને લઈ લીધી હતી.

શ્રી ગોવર્ધનનાથજીનું મથુરા-પ્રયાણ ઓચિંતું જ થયું હતું, એટલે જમનાવતામાં રહેતા ચત્રભુજદાસને તો એની ખબર પણ નહોતી.

એક દિવસ વહેલી સવારે એ રોજની જેમ મંગળાનાં દર્શન કરવા અને પદો

ગાવા શ્રીજીદ્વારે પહોંચ્યા ત્યારે એમને સમાચાર મળ્યા કે "શ્રીજીબાવાની અચાનક ઇચ્છા થઈ એટલે ફાગણ મહિનો મથુરાનગરીમાં વિતાવવા સમગ્ર વલ્લભકુટુંબ સાથે આગલે દિવસે જ મથુરા ગયા હતા. ચતુર્ભુજદાસની વેદનાનો પાર ન રહ્યો. અને કીર્તનઘરમાં બેઠાં બેઠાં હૃદયની વિરહવેદના વ્યક્ત કરતું પદ ગાયું:

બાત હિલગકી કાસોં કહિયે ।
સુનુરી સખી વિવસ્થા તનકી સમુઝિ મનહિં, મન ચુપ કર રહિયે ॥
મરમી બિના મરમુ કો જાને ઈહિ બાતેં સબ જિયહિ સહિયે ।
"ચત્રભુજ" પ્રભુ ગિરિધરન મિલે જબ સુખ સંપત્તિ તબહી લહિયે ॥

એક પછી એક દિવસ પસાર થતા જતા હતા...

"આજે આવે છે...કાલે આવે છે" એવા શ્રીજીબાવાના મથુરાથી ગિરિરાજજી આવવાના સમાચાર રોજ ખેપિયા લાવતા, પરંતુ ઠાકોરજીને તો મથુરામાં જ ગમી ગયું હતું. નૃસિંહ ચતુદર્શીનો એ દિવસ...ઉત્સવ-મનોરથનો એ દિવસ... શ્રી ગિરિરાજજીનું મંદિર અને ચતુર્ભુજદાસ જેવા ભક્તજનોનાં શ્રીજીના વિરહમાં તલસતાં વિરહી હૈયાં સૂમસામ હતાં. ચતુર્ભુજદાસજી ગિરિરાજજીની કંદરાઓમાં સવાર બપોર સાંજ ભૂખ્યા-તરસ્યા આથડતા રહેતા. ક્યારેક અપ્સરાકુંડ પાસે ઘાસમાં લેટીને... "ગિરિરાજધરણ... પ્રભુ તુમ્હારે શરણ"નો જાપ કરતા પડ્યા હોય, તો ક્યારેક ગોવિંદકુંડ પાસે ઊભા ઊભા શૂન્યમનસ્ક ચહેરે કુંડમાં હિલોળા લેતાં જલ સામે જોયા કરતા હોય, તો વળી ક્યારેક ગિરિરાજજીની પર્વતમાળામાં એમના પ્યારા "ગોવર્ધનધર" વગર આમતેમ આથડ્યા કરતી ગાયોના ધણ વચ્ચે ઊભા ઊભા માતા હોય-

શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલ, તુમ બિન રહ્યો ન જાય ।
વ્રજરાજ લડેતેં લાડિલે, તુમ બિન રહ્યો ન જાય ॥

અવાજમાં અશ્રુ અને વિરહવેદના ભળે, ગાયોનાં ઝુંડ ડોકીઓ હલાવતાં, ગળાની ઘંટડી વગાડતાં દેખાય...બ્હાવરા ચતુર્ભુજદાસ દોડીને ગાયોના ઝુંડ પાસે દોડી જાય...ગૌમાતાની ઊડતી રજથી ધરતી અને આકાશ ઊભરાઈ જાય...અને એ ધુમ્મસી વ્રજરેણુમાંથી ચતુર્ભુજદાસની આંખો સામે ગૌચારણલીલા પૂરી કરીને ગોકુલ ગામની ગાયો સાથે ઘરે નંદાલયમાં પાછા ફરતા દાઉ-ભૈયા સાથે કાનુડાનાં દર્શન થાય. વિરહી કવિહૈયું પોકારી ઊઠે -

બંક ચિત્તે મુસકાઈ કૈ લાલ, સુંદર વદન દિખાય
લોચન તલફે મીન જ્યોં લાલ, પલ છીનું કલ્પ બિહાયજો.."

- અને અધર પરથી ઊઠેલો વેણુનાદ કાન પર પડતાં જ...

'સપ્ત સુરન બંધાન તે લાલ, મોહન બેનુ બજાઉ
સુરત સુહાયી બાંધી કૈ નેક, પીઠે મધુરે સ્વર ગાઉ હો...

વ્રજની ગાયો પણ લથડિયાં ખાતી ગિરિરાજની તળેટીમાં ઊભી ઊભી એમનાં મસ્તક ઊંચાં કરી...ગિરિરાજજીના શિખર પર એનો "કાનો" મધુર બંસરીના નાદે કે મીઠી હલકે એને બોલાવે એવી આશાએ ડોક ઊંચી કરી જોતી હોય...એવું દૃશ્ય ચતુર્ભુજદાસની આંખો સામે ઊપસી આવતાં કવિહૃદય બોલી ઊઠે:

રસિક રસિવિ બોલની લાલ, ગિરિ ચઢી ગૈયા બુલાઉં
ગાય બુલાઈ ધૂમરી નેક, ઊંચી ટેર સુનાહું...

અને ચતુર્ભુજદાસના તડપતા હૈયાનો - વિરહી હૈયાનો આર્તનાદ શબ્દોની પાંખે ફૂટે:

દૃષ્ટિ પરે જા દિવસ તેં લાલ, તબતેં રૂચે નહીં આન ।
રજની નીંદ ન આવહી, મોહિ બિસર્યો ભોજન પાન હોં ॥
દરસન કૌં નૈના તપ લાલ, વચન સુનન કોં કાન ।
મિલિબેકો હિયરા તપે, મેરે જિયકે જીવન પ્રાન હો ॥
મન અભિલાષા યહ રહે લાલ, લાગે ન નયન નિમેષ ।
ઈક ટક દેખો આવતો પ્યારો, નાગર નટવર ભેષ ॥

અને ચતુર્ભુજદાસનો વિરહ શબ્દરૂપે - આંસુરૂપે - અસહાય રૂપે વહેતો વહેતો ઠાકોરજી અને દાઉભૈયાના હૈયા સુધી પહોંચે છે...અને દાઉભૈયા સ્વભાવ પ્રમાણે કાનુડાને સંભળાવી દે છે...

"અલ્યા કાનુડા...કેટકેટલાં જન્મજન્માંતર સુધી તું આ તારાં ભક્ત-હૃદયોનો "વિરહ-અગ્નિ" તારા હૈયામાં જીરવતો રહીશ...ક્યાં સુધી તડપનનો ખેલ ખેલતો રહીશ...તારા શ્રી વલ્લભનો પુષ્ટિસંપ્રદાયનો મારગ વિરહનો - સતત તડપનનો - વેદનાનો માર્ગ છે એ કબૂલ, પણ તારા ભક્તજનોને જન્મજન્માંતરથી - બસ આમ વિરહની યાતનામાં તડપાવતો રહીશ?"

જવાબમાં શ્રીજીબાવાના ચહેરા પર પણ એ જ વિરહી હાસ્ય વિલસે છે અને વાતાવરણમાંથી સૂરો ઊઠે છે...

"યહ રટ લાગી લાડિલે લાલ, જૈસે ચાતક મોર
પ્રેમ નીર બરખા કરો પિય, નવઘન નંદ કિશોર...

અને આંસુ ઝરતી બંધ આંખો સામે પ્રકાશનો પુંજ પ્રસરી જાય છે...આંખો ખૂલી જાય છે...દાઉભૈયા સાથે એમના નટખટ શ્રીજીબાવા ખડા છે...આત ગાય...ઉત ગાય...ના ઝુંડમાં મુરલી મનોહરનાં દર્શન થતાં જ હૈયાનો આર્તનાદ ભક્તહૃદયમાંથી વહેવા માંડે છે.

"કૃપાનાથ...આપ મને શ્રી ગોવર્ધન પર્વત પર...અપ્સરાકુંડની કુંજગલીઓમાં, ગોવિંદકુંડની પાળ પર...ગિરિકંદરાઓમાં ક્યારે દર્શન આપશો? આપનાં દર્શનના અધિકારી ન હોઈએ તો, પ્રભુ, અમારા પ્રાણ લઈ લ્યો, પરંતુ આ વિરહની યાતનામાંથી મુક્ત કરો."

- કહેતા ચતુર્ભુજદાસ શ્રીજીનાં ચરણોમાં ઢળી પડે છે.

શ્રી ગોવર્ધનનાથજી હળવેકથી ચતુર્ભુજદાસને ઊંચકીને હૈયા સરસા ચાંપતાં કહે છે:

“ચતુર્ભુજદાસ...તમારો વિરહકાળ પૂર્ણ થાય છે...આવતી કાલે હું ગોવર્ધન પર્વત પર સદાનાં દર્શન દેવા આવી પહોંચીશ.”

“કૃપાનાથ...કાલે આવશો? આ ‘કાલ’ ક્યારે પડશે...કેમ જિરવાશે...આજથી કાલ સુધીનો તમારો વિરહ...”

ચાર ઘડી રાત્રીની પસાર થઈ જાય છે. ચતુર્ભુજદાસ ગિરિરાજ પર્વતના શિખર પર ચડી...મથુરાની વાટ તરફ આંખો ફાડી-ફાડીને જોતા-જોતા “મારો વ્હાલોજી આવશે... આંગણેજી રે”ની આર્દ્રતા અનુભવતા કીર્તનના સૂરોથી વાતાવરણને ભરી મૂકે છે...

તબ તેં જુગ સમાન પલ જાત ।
જા દિન તેં દેખે સખી મોહન, મોતન મુરી મુસિકાત ॥
દરસન દેત ઠગોરી મેલી તબ તેં કછુ ન સુહાત ।
બીતત ધરી ધરી ક્રમ ક્રમ અબ કર ભીડત પછિતાત ॥
મનમેં ગડી મદન મૂર્તિ વહ મન અટક્યો સામલ ગાત ।
“ચતુર્ભુજ” પ્રભુ ગિરિધરન મિલન કો નૈન બહોત અકુલાત ॥

પદની પંક્તિ પૂરી થતાં જ તળેટી ટૂંકા નિશાનના અવાજથી ગાજવા માંડી.

“મારો વ્હાલો ગોવર્ધનનાથ...આવ્યો...મારો શ્રીજીબાવો પધાર્યો!” ગાંડાની જેમ બોલતા...ચતુર્ભુજદાસ દોડતા, પડતા, આખડતા તળેટીની દિશામાં શ્વાસભેર ઊતરવા માંડ્યા અને તળેટીમાં - દંડવતી શિલા પાસે “ઠાડા” શ્રીજીબાવાનાં દર્શન થતાં જ...દંડવત્ કરતા બોલી ઊઠ્યા:

“બાવા...ખૂબખૂબ કૃપા કરી...આવી સજા ક્યારેય ન દેતા, વ્હાલા, ક્યારેય ન દેતા... તુમ બિન રહ્યો ન જાય!” - ચતુર્ભુજદાસ દ્રવિત હૈયે બોલી ઊઠ્યા...અને આનંદના આવેશમાં મૂર્છિત થઈ ગયા.

ગોપાલપુરમાં આનંદ-ઉત્સવનો માહોલ જામી ગયો. ઘણો સમય મથુરામાં વિતાવી શ્રીજીબાવા નિજધામ - નિજઘર પધાર્યા હતા. શ્રીગિરિધરજીએ ચતુર્ભુજદાસને ઢંઢોળીને બેઠા કરતાં એમના કાન પાસે સરકી કહ્યું: “ચતુર્ભુજદાસ, જાગો...ઠાકોરજીને શૃંગાર શ્રીઅંગ પર ધારણ કરાવવા જાઉં છું. શૃંગારનાં પદો સાંભળવા શ્રીજીબાવા આતુર છે...ઊઠો...ઊઠો!”

અને ચતુર્ભુજદાસ ઊઠી ગયા. શ્રી વલ્લભકુળના બાળકોને દંડવત્ કર્યા અને મંદિરના કીર્તનઘરમાં પહોંચી ગયા.

શૃંગાર-રાજભોગનાં દર્શનના હેલાની રાહ જોતા ચતુર્ભુજદાસજી ગોવિંદકુંડની પાળે બેઠા હતા ત્યાં જ સમાચાર સાંપડ્યા...

“શ્રીગુંસાઈજી ગુજરાતના પ્રવાસેથી આવી ગયા છે ને ઉત્થાપનનાં દર્શન વખતે

શ્રી વલ્લભનંદન દર્શન આપશે." અને આનંદઘેલા ચતુર્ભુજદાસજીએ તળેટી તરફ દોટ મૂકી.

○ ○ ○

"કાકાજી, આપ અનુમતિ આપો તો હું ચતુર્ભુજદાસને ગોકુલ લઈ જાઉં." ગોકુલનાથજીએ વિનંતી કરતાં પૂછ્યું.

"ગિરિરાજજી અને શ્રીજીબાવાને છોડીને ગોકુલ આવતા હોય તો લઈ જાઓ." શ્રીગુસાંઈજીએ મર્મીલું સ્મિત વેરતાં કહ્યું.

"ચતુર્ભુજદાસજી!" ઉત્થાપનનાં દર્શનમાં ચતુર્ભુજદાસને શ્રી ગોકુલનાથજીએ પડકાર્યા.

"આજ્ઞા, કૃપાનાથ!"

"ચતુર્ભુજદાસ...અમારે પેંઠ્યો ગામ જવું છે, તો તમે અમારી સાથે ચાલો." શ્રીગોકુલનાથજીએ કહ્યું.

"પેંઠ્યો ગામ?" ચતુર્ભુજદાસને સહેજ આશ્ચર્ય થયું.

"હા, આવો છો ને?"

"આપની આજ્ઞાનો કાંઈ થોડો અનાદર થાય છે? વળી ગામેય ક્યાં દૂર છે... શ્રીજીબાવાનાં દર્શનના સમયે તો પાછા ફરી જશુંને?" શ્રીજીબાવાનું ઘડીભરનું પણ સાંનિધ્ય ન છોડનારા ચતુર્ભુજદાસ બોલી ઊઠ્યા. જવાબમાં શ્રી ગોકુલનાથજી મર્મીલું હસ્યા.

ચતુર્ભુજદાસ સાથે પેંઠ્યો ગામ પહોંચતાં જ શ્રીગોકુળનાથ બોલ્યા:

"અરે, ચતુર્ભુજદાસ - ગોકુલ જવું પડશે!"

"કેમ...કેમ...?" ગભરાઈને ચતુર્ભુજદાસ બોલી ઊઠ્યા.

"ગિરિરાજધરણ"થી એક ઘડી પણ વિખૂટા પડવું એમને ગમતું નહોતું. જો અહીંથી ગોકુલ જવાનું થાય તો દર્શનના સમયે પાછા ફરવાની શક્યતા જ નહોતી. અને શ્રીજીબાવાનાં દર્શન વગર તો એક પળ પણ ચતુર્ભુજદાસને ચાલે તેમ નહોતું.

"કાકાજી પણ ગોકુલ બિરાજે છે. વળી આજે અમારી સાથે ખવાસ પણ નથી, એટલે તમને કહેવું પડે છે. ચાલોને, રાત રોકાઈ સવારે નવનીતપ્રિયાજીનાં દર્શન કરી ગિરિરાજજી પાછા ફરી જજો."

ચતુર્ભુજદાસજી કચવાતા મને શ્રી ગોકુલનાથજી સાથે ગોકુલ ગયા. ગોકુલની એમની એ પહેલી મુલાકાત હતી.

બે કાંઠે જમુનાજી વહ્યે જતાં હતાં - ઠકુરાણીઘાટ, જશોદાઘાટ અને અન્ય ઘાટોથી વિસ્તાર રળિયામણો હતો. વળી ગોકુલ ગમે તેમ તોય શ્રીકૃષ્ણની લીલાભૂમિ.

શ્રી ગોકુલનાથજી અને ચતુર્ભુજદાસજી ઉત્થાપનના સમયે પહોંચ્યા. શ્રીગુસાંઈજીએ ચતુર્ભુજદાસજીને બોલાવી નવનીતપ્રિયાજીનાં દર્શન કરાવ્યાં. ચતુર્ભુજદાસે એ સમયે ગોકુલની છબી શબ્દોમાં અંકિત કરતું પદ ગાયું:

મહા મહોચ્છવ ગોકુલ ગામુ ।
પ્રેમ મુદિત ગોપી જસુ ગાવતિ લૈ લૈ સ્યામ સુન્દરકો નામુ ॥
જહાં તહાં લીલા અવગાહતિ ખારિક, ખોરિ દધિ મંથન - ધામુ ।
પરમ કુતુહલ નિસિ અરૂ વાસર આનંદ હિ બીતત સબ જામુ ॥
નંદ ગોપ સુત સબ સુખદાયિક મોહન મૂરતિ પૂરન કામુ ।
"ચતુર્ભુજ" પ્રભુ ગિરિધર આનંદનિધિ નખસિખ રૂપ સુભગ અભિરામુ ॥

ચતુર્ભુજદાસનાં લાડલેલાલ શ્રી નવનીતપ્રિયાજીનાં પદો સાંભળી શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈને બોલી ઊઠ્યા:

"ચતુર્ભુજદાસ...આજે હું તારા પર ખૂબ પ્રસન્ન છું, તારે જોઈએ તે માગી લે."

"કૃપાનાથ, તમારી આ પ્રસન્નતા જ મારા માટેનું એક અણમોલ વરદાન છે...પરંતુ, કૃપાનાથ...મને મારા શ્રીગોવર્ધનનાથજીનાં ઝટ દર્શન કરાવો, એના વગર હું રહી શકું એમ નથી."

"ચતુર્ભુજદાસજી, આવતી કાલે નવનીતપ્રિયાજીને શૃંગાર કરી, પલના ઝુલાવી, આપણે ચાલીશું..."

બીજે દિવસે શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયાજીને શૃંગાર કરાવી, પલનામાં ઝૂલાવતા હતા ત્યારે લાડલેલાલનાં દર્શન કરતાં ખૂબ જ પ્રસન્ન થયેલા ચતુર્ભુજદાસે પદ ગાયું:

ઝૂલૌ પાલનેં ગોવિંદ ।
દધિ મથોં નવનીત કાઢોં તુમકોં આનન્દકંદ ॥
કંઠ કઠુલા લલિત લટકન ભ્રુકુટિ મનકોં ફંદ ।
નિરખિ છબી છિનુ છિનુ ઝુલાઊ ગાઊં લીલા છંદ ॥
દ્વૈ દુધકી દૂતિયાં સુખકી નિધિ હંસત જબૈ કછુ મન્દ ।
"ચતુર્ભુજ" પ્રભુ જનની બલિ, ગિરિધરન ગોકુલચન્દ ॥

○ ○ ○

"ચતુર્ભુજદાસ, સાંભળ્યું?" એક વ્રજવાસી દોડતો જમનાવતા ગામના ચતુર્ભુજદાસના આંગણે ઊભો રહેતો હાંફતો હાંફતો બોલી ઊઠ્યો.

"શું સાંભળવાનું છે?"

"બધા ગિરિરાજજીની તળેટીમાં મુખારવિંદ પાસે ભેગા થયા છે."

"કેમ...કાંઈ થયું છે?"

"થઈ રહ્યું છે. ઝટ પહોંચો." વ્રજવાસી બોલ્યો. એની હાંફ ઓછી થઈ નહોતી.

"શું થઈ રહ્યું એ તો કહીશ કે..."

"શ્રીગુસાંઈજી...શ્રી વલ્લભનંદન..." વ્રજવાસી આગળ બોલી ન શક્યો. ગળે ડૂમો ભરાઈ આવ્યો અને બીજી જ ક્ષણે શું સુઝ્યું તે-

"હું તો જાઉં છું મુખારવિંદે...શ્રીગુસાંઈજી જીવતે જીવ પેલી કંદરામાં પ્રવેશ્યા...એમના અંતિમ દર્શન કરવાં હોય તો જલદી પહોંચો...હું તો ચાલ્યો." કહેતો વ્રજવાસી દોડતો ગિરિરાજજી તરફ ધસી ગયો.

ચતુર્ભુજદાસ ઊભા થતા, ખભે ખેસ નાખતા...

"ભાઈલા, ઊભો તો રહે..." પણ ચતુર્ભુજદાસને સાંભળ્યા વગર વ્રજવાસી તો દોડી ગયો...ચતુર્ભુજદાસ પાછળ દોડ્યા, પરંતુ પગમાં હામ રહી નહોતી...સમાચાર સાંભળી એમનું હૈયુ દ્રવી ઊઠ્યું.

ગિરિરાજની તળેટીમાં એ માંડમાંડ હાંફતા-હાંફતા પહોંચ્યા ત્યારે ગિરિધરજી કંદરામાંથી કેસરી રંગનો ઉપરણો લઈને બહાર આવી રહ્યા હતા. એમના મુખ પર શોકની કાલિમા છવાયેલી હતી. ચતુર્ભુજદાસને પરિસ્થિતિ સમજાઈ ગઈ. એ મોડા પડ્યા હતા. શ્રીગુસાંઈજીએ કંદરામાં પ્રવેશ કરી લીધો હતો. ચતુર્ભુજદાસ ગાંડાની માફક કંદરામાં ધસી ગયા, પરંતુ ગિરિધરજીએ એમના બે બાહુમાં ઝીલી લીધા...

"ચતુર્ભુજદાસ...શાંતિ રાખો..."

"કૃપાનાથ..." કહેતાં ચતુર્ભુજદાસ ગિરિધરજીના ખભા પર જ ઢળી પડ્યા.

શ્રીગુસાંઈજીના બધા જ બાળકો ગિરિધરજી અને બેભાન ચતુર્ભુજદાસની આજુબાજુ વીંટળાઈ ગયા. દરેકના ચહેરા વેદનાગ્રસ્ત હતા. આંખોમાં આંસુ છલકતાં હતાં...ગોકુલનાથજીએ વડીલબંધુના ખભે માથું ઢાળી દીધું...

"વલ્લભ...ભાઈ...તારા જેવો જ્ઞાની આ પળોમાં ભાંગી પડશે એ કેમ ચાલશે... સંપ્રદાયની ધુરા સંભાળવામાં સહભાગી થવાનું છે. કાકાજી કહી ગયા છે એ પ્રમાણે આ ઉપરણાનો વેદોક્ત વિધિથી અગ્નિસંસ્કાર કરીને બાકીની લૌકિક વિધિ પણ કરવાની છે."

ચતુર્ભુજદાસની જડવત્ આંખો સામે ભડભડ ચિતા બળતી હતી. એ બે વ્રજવાસીઓના ટેકાથી ઊભા હતા...આંખો સામે ઘનઘોર અંધકાર છવાઈ ગયો હતો...બધું જ ધૂંધળું ધૂંધળું દેખાતું હતું. ધીમેધીમે ધૂંધળાપણામાંથી પ્રકાશનો પુંજ પ્રગટ થયો...અને ચતુર્ભુજદાસ સામે એ જ શાંત સ્નેહમયી સ્મિતમઢી મૂર્તિનું દર્શન થતાં જ ચતુર્ભુજદાસની ચેતના જાગી ઊઠી...

આંખો સામે શ્રી વલ્લભનંદન...પરમ કૃપાળુ શ્રી વિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજી પ્રગટ થતાં જ ચતુર્ભુજદાસ સાનભાન ગુમાવી...

"કૃપાનાથ! આપે મને મૂકીને આ જગતમાંથી વિદાય લીધી...મને નોધારો મૂક્યો, કૃપાનાથ! તમારો વિરહ આ જીવ સહી શકતો નથી...આપના ચરણારવિંદની

રજ બની સદાય જીવેલા આ જીવને આપ બોલાવી લ્યો, કૃપાનાથ, બોલાવી લ્યો!" - અને ચતુર્ભુજદાસના મુખમાંથી પદ સરી પડ્યું:

ફિરિ બ્રજ બસહુ શ્રી વિઠ્ઠલેસ ।
કૃપા કરિ દરસન દિખાવહુ, વહ લીલા વહ બેસ ॥

સૌ કોઈ ચતુર્ભુજદાસની દર્દભરી વાણી સાંભળી હસી ઊઠ્યા. વિરહના તાપમાં તડપતા ચતુર્ભુજદાસને એક મધુર અવાજ કાને પડ્યો:

"ચતુર્ભુજદાસ! આટલો વિરહ શા માટે? મોહના બંધને તું આટલો બધો જકડાઈ ગયો? શ્રીમદ્ ભગવદ્ગીતાના આરાધક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ઉપદેશ ભૂલી ગયો? આત્મા મરતો નથી...દેહ ક્ષણભંગુર છે...હું તો સદા તારી પાસે જ છું...તારાં પદોમાં...તારા સંગીતમાં, તારી ભક્તિમાં...આપણા શ્રી ગોવર્ધનનાથજીની લીલામાં...તારા હૈયામાં. હવે તું મારાં દર્શન આપણા શ્રી ગોવર્ધનનાથજીમાં કરતો રહીશ...શ્રી ગોવર્ધનનાથજીમાં તું મને જાણતો રહેજે."

- અને પ્રકાશ આથમી ગયો. ધુમ્મસ વીખરાઈ ગયું...અંધકાર ઓલવાઈ ગયો...વાતાવરણમાં બસ એક જ પંક્તિ ઝૂલતી રહી...

ફિરિ બ્રજ બસહુ શ્રીવિઠ્ઠલેસ ।
ફિરિ વ્રજ બસહુ શ્રીવિઠ્ઠલેસ ।

(સમાપ્ત)

ભક્તકવિશ્રી ચતુર્ભુજદાસનાં
કેટલાંક શ્રેષ્ઠ પદો

ઝૂલૌ પાલને ગોવિંદ ।
દધિ મથૌં, નવનીત કાઢૌં, તુમકોં આનઁદકંદ ॥
કંઠ કઠુલા, લલિત લટકન, ભ્રકુટિ મન કે ફંદ ।
નિરખિ છવિ, છિન-છિન ઝુલાઊઁ, ગાઊં લીલા છંદ ॥
દ્વૈ દૂધ કી દતિયાઁ, સુખડી નિધિયાઁ, હઁસત જબ કછૂ મંદ ।
'ચતુર્ભુજ' પ્રભુ જનની બલિ, ગિરિધરન ગોકુલ-ચંદ ॥

○ ○ ○

અપને બાલ ગુપાલૈં રાની જૂ, પાલને ઝુલાવૈ ।
બારંબાર નિહારિ કમલ મુખ, પ્રમુદિત મંગલ ગાવૈ ॥
લટકન ભાલ, ભ્રકુટિ ભિસ બિંદુક, કઠુલા કંઠ બનાવૈ ।
સદ માખન મધુ સાનિ અધિક રુચિ, અપને કરહિં ચખાવૈ ॥
કબહુઁક સુરંગ ખિલૌના લૈ-લૈ, નાના ભાઁતિ ખિલાવૈ ।
નિરખિ-નિરખિ મુસિક્યાત સાઁવરૌ, દ્વૈ દતિયાઁ દદતિયાઁ દરસાવૈ ॥
સાગર કુમુદ ચકોર ચંદ લૌં, રૂપ સુધા બરસાવૈ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન ચંદ કોં, હઁસિ-હઁસિ કંઠ લગાવૈ ॥

○ ○ ○

મંગલ આરતી ગોપાલ કી ।
નિત ઉઠિ મંગલ હોત નિરખિ મુખ, ચિતવન નૈન વિસાલ કી ॥
મંગલ રૂપ સ્યામસુંદર કૌ, મંગલ છવિ ભ્રકુટી ભાલ કી ।
'ચતુર્ભુજદાસ' સદા મંગલ-નિધિ, બાનિક ગિરિધર લાલ કી ॥

○ ○ ○

ભોર ભયૌ નંદ-જસુદા જી બોલત, જાગો જાગો મેરે ગિરધર લાલ ।
રતન જટિત સિંહાસન બૈઠો, દેખન કોં આઈ બ્રજ-બાલ ॥
નિંયરે જાય સુબેંની ખેંચત, બહુરૌ હરિ ઢાઁપત બદન રસાલ ।
દૂધ-દહી ઔર માખન-મેવા, ભામિની ભરિ લાઈ હૈં થાલ ॥
તબ હરિ હરષિ ગોદ ઉઠિ બૈઠે, કરત કલેઊ તિલક દૈ ભાલ ।
દૈ બીરા આરતિ વારતિ હૈં, ‘ચતુર્ભુજ’ ગાવત ગીત રસાલ ॥

○ ○ ○

જાગો ગોપાલ લાલ દોહૌ ધૌરી ગૈયા । સદ્ય દૂધ મથિ પીવો ધૈયા ॥
ભોર ભયૌ ખગ તમચર બોલેં । ઘર ઘર ગોપર દ્વાર સબ ખોલેં ॥
ગોપી રઈ મથનિયા ધોવેં । અપનૌ અપનૌ દહ્યૌ બિલોવેં ॥
સકલ સખા બુલાવન આવેં । કૃષ્ણ નામ લૈ-લૈ મંગલ ગાવેં ॥
ભૂષન-વસન પલટિ પહિરાઊઁ । ચંદન તિલક લલાટ બનાઊઁ ॥
‘ચતુર્ભુજ’ પ્રભુ શ્રીગોવરધન-ધારી । યા મુખ-છવિ પર બલિ ગઈ મહતારી ॥

○ ○ ○

સુનહુ ધોં અપને સુત કી બાત ।
દેખિ જસોમતિ કાન ન રાખત, લૈ માખન-દધિ ખાત ॥
ભાજન ફોરિ, ડારિ સબ ગોરસ, બાઁટત હૈ કર પાત ।
જો બરજોં તૌ ઉલટિ ડરાવત, ચપલ નૈંન કી ઘાત ॥
જો પાવત સો ગહિત ચપલ ગતિ, કહતિ ન કછુ સકુચાત ।
હોં સકુચિત અંચલ કરિ ધરિકૈ, રહી ઢાઁપિ મુખ ગાત ॥
ગિરિધર લાલ હાલ ઐસે કરિ, ચપલ ધાય મુસિક્યાત ।
‘દાસ ચતુર્ભુજ’ પ્રભુ જાનત હૈ, યહૈ બૂઝિ સોંહૈ દૈ ખાત ॥

○ ○ ○

સુંદર સિલા ખેલ કી ઠૌર ।
મદન ગુપાલ જહાઁ મધિનાયક, ચહુઁ દિસિ સખા-મંડલી જૌર ॥
બાઁટત છાક ગોવરધન ઊપર, બહુ બિધિ કાનન બૈઠે ઠૌર ।
હઁસિ-હઁસિ ભોજન કરત પરસ્પર, ચાખિ-ચાખિ લૈ અરોગત કૌર ॥
કબહુઁક બોલિ ગિરિ કે સિખર પર, લૈ-લૈ નામ ધૂઁમરી ધૌર ।
'ચતુર્ભુજ' પ્રભુ લીલા રસ રીઝે, શ્રી ગિરિધર લાલ રસિક સિરમૌર ॥

○ ○ ○

બીરી સુબલ સ્યામ કોં દેત ।
સ્યામ સખા ગ્વાલન કોં બાઁટત ઉપજાવત અતિ હેત ॥
બરષા બરસત તેં સબ બિગડી ગાયન કી સુધિ ક્યોં નહિં લેત ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન બજાઈ, મુરલી કરન સુચેત ॥

○ ○ ○

સુભગ સિંગાર નિરખ મોહન કૌ, લૈ દર્પન કર પિયહિં દિખાવૈ ।
આપુન નૈક નિહારિ બલિ જાઊઁ, આજ કી છવિ કછુ કહત ન આવૈ ॥
ભૂષન રહે ઠાઁવ ઠાઁવહિં ફવિ, અઁગ-અઁગ અદ્‌ભુત, ચિતહિં ચુરાવૈ ।
રોમ-રોમ પુલકિત તન સુંદર, ફૂલન રચિ-રચિ પાગ બનાવૈ ॥
અંચર ફેરિ કરત ન્યૌછાવર, તન-મન અતિ અમિલાષ બઢાવૈ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર કૌ રૂપ-સુધા, પીવત નૈન-પુટ તૃપ્તિ ન પાવૈ ॥

○ ○ ○

આજુ સિંગાર નિરખિ સ્યામા કૌ,
નીકૌ બનૌ સ્યામ મન ભાવત ।
યે છવિ તનહિં લખાયૌ ચાહત,
કર ગહિ કૈં નખ ચંદ દિખાવત ॥
મુખ જોરૈ પ્રતિબિંબ વિરાજત,
નિરખિ-નિરખિ મન મેં મુસિકાવત ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર શ્રી રાધા,
અરસ-પરસ દોઉ, રીઝિ રિઝાવત ॥

○ ○ ○

આજુ તન બસન ઔર હી ચટક ।
સોભા દેત સરસ સુંદર યહ, ચલનિ હંસ-ગજ લટક ॥
સ્યામ સરોજ નૈન તેરે ષટપદ, પિયૌ રૂપ-રસ ગટક ।
તૃપત ભએ અઁગ-અઁગન ફૂલી, મન ગઈ બિરહ કી ખટક ॥
કુંજ ભવન કોં ચલી નિડર, તજિ લોક-લાજ કી અટક ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર નાગર સોં, લેત હૈ રતિ-રન ઝટક ॥

○ ○ ○

ગોપાલ કૌ મુખારવિંદ દેખ્યૌ આજ માઈ ।
તન મન ત્રૈ તાપ તિમિર, નિરખત હી નસાઈ ॥
સરસ સરોજ સુધા, નૈનન ભરિ પાઈ ।
સુખ સમુદ્ર સોભા મોપૈ કહીહૂ ન જાઈ ॥
ધર્મ કર્મ લોક લાજ સુત પતિ તજિ ધાઈ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર મૈં જાઁચે રી માઈ ॥

○ ○ ○

મોતી તેં હી ઠૌર સબ ડારે ।
અધ પોવત હી સ્યામ મનોહર, નિકસે આય સવારે ॥
તબ હી તેં રહિ ગઈ એક ટક, જબ બ્રજનાથ નિહારે ।
આધી લર કર લેય ચલો ઉઠિ, જિત ગોપાલ સિધારે ॥
'દાસ ચતુર્ભુજ' પ્રભુ મન ચોર્યૌં, સો ઘર કે કાજ બિસારે ।
ગિરિધર લાલ ભેંટ ભઈ બનમેં, તૃન સમ તોરિ સબૈ બ્રત ડારે ॥

○ ○ ○

કહાવત જો ગોકુલ ગોપાલ ।
તે મૈં આજુ દૃષ્ટિ ભરિ દેખે, ચલત ડમમગી ચાલ ॥
પહુનાઈ હૌં કરન ગઈ હી, સજન હેત પ્રતિપાલ ।
ઔચક હી મિલિ ગયે નંદ-સુત, અઁગ-અઁગ રૂપ રસાલ ॥
તન ઘનસ્યામ પીત પટ ઓઢૈ, ઉર રાજત બન માલ ।
સીસ મુકટ, મુરલી કર લીનેં, ચિતવનિ નૈન વિસાલ ॥
'ચતુર્ભુજદાસ' રાસિ સબ સુખ કી, સોભા ભ્રકૂટી ભાલ ।
તન બિસર્યૌં, મન હર્યૌં મનોહર, ગોવરધન-ધર લાલ ॥

○ ○ ○

નૈનનિ ઐસી બાનિ પરી ।
બિન દેખૈ ગિરિધરન લાલ મુખ, જુગ ભરિ ગનત ઘરી ॥
મારગ જાત ઉલટિ તિન ચિતયૌ, ભો તન દૃષ્ટિ ભરી ।
તબહીં તેં લાગી હૈ એકટક, નિમિષ મરજાદ ટરી ॥
'ચતુર્ભુજદાસ' છુડાવન કોં હઠિ, મૈં વિધિ બહુત કરી ।
તૈં સર્વસુ હરિ કૌં હરિ દીનોં, દેહ-દિસા બિસરી ॥

○ ○ ○

મહા ચિત ચોર્યૌ નૈન કી કોર ।
લાજ ગઈ ઘૂઁઘટ-પટ ભૂલ્યૌ, જબ ચિતયૌ યહિ ઓર ॥
વે સખી સિંહદ્વાર વ્હૈ નિકસે, હૌં જુ ખરિક ચલી ભોર ।
દૈકર સૈંન મૈન-સર મારી, નાગર નંદ-કિસોર ॥
કમલ મીન મૃગ ખંજનકી સખિ, દૈ ન સકી ઉપમા કહુઁ જોર ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર મુખ બિધુએ, અઁખિયાઁ ભઈ ચકોર ॥

○ ○ ○

તબ તેં ઔર ન કછૂ સુહાય ।
સુંદર સ્યામ જબહિં તેં દેખે, ખરિક દુહાવત ગાય ॥
આવતિ હુતી ચલી મારગ સખિ, હૌં અપને સત ભાય ।
મદન ગોપાલ દેખિ કૈં ઈકટક, રહી ઠગી મુરઝાય ॥
બિસરી લોક-લાજ, ગૃહ કારજ, બંધુ-પિતા અરુ માય ।
'દાસ ચતુર્ભુજ' પ્રભુ ગિરિવર-ધર, તન-મન લિયૌ ચુરાય ॥

○ ○ ○

મોહન મોહિની પઢિ મેલી ।
મુખ દેખત તન-દસા હિરાની, કો ઘર જાય સહેલી ॥
કાકે માત તાત અરુ ભ્રાતા, કો પતિ નેહ નબેલી ।
કાકે લોક-લાજ અરુ કુલ-બ્રત, બન મેં ભ્રવતિ અકેલી ॥
યહિ તેં કહતિ મૂલ મત તોસોં, એક સંગ નિત ખેલી ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર રસ અટકી, શ્રુતિ-મર્યાદા પેલી ॥

○ ○ ○

બાત હિલગ કી કાસોં કહિઐ ।
સુનિ રી સખી! વિવસતા તન કી, સમુઝિ-સમુઝિ મન ચુપ કર રહિઐ ॥
મરમી બિના મરમ કો જાનૈ, યે બાતેં સબ જિય કી સહિઐ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન મિલેં જબ, સબ સુખ સંપત્તિ તપ કી પહિઐ ॥

○ ○ ○

બેનુ ધર્યૌ કર ગોવિંદ ગુન-નિધાન ।
જાતિ હુતી બન કાજ સખિન સંગ, ઠગી ધુનિ સુનિ કાન ॥
મોહન મોહે કલ ખગ મૃગ પસુ, બહુ બિધિ સપ્તક સુર-બંધાન ।
'ચતુર્ભુજદાસ' પ્રભુ ગિરિધર તન-મન, ચોરિ લિયૌ કરિ મધુર ગાન ॥

○ ○ ○

ઐસૈહિં મોહૂ ક્યોં ન સિખાવહુ ।
જૈસેં મધુર-મધુર કલ મોહન, તુમ મુરલિકા બજાવહુ ॥
સારંગ રાગ સરસ નઁદનંદન, સજિ સપ્તક સુર ગાવહુ ।
તા બંધાન સુજાન સહજ મેં, બહુત અનાગત લાવહુ ॥
શ્રુતિ સંગીત કરી પરિમિત, તો તાહૂ મેં અતિત બઢાવહુ ।
ખગ મૃગ પસુ કુલ-બધૂ દેવ મુનિ, સબ કી ગતિ બિસરાવહુ ॥
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર ગુન સાગર, જો તુમ યહ ન બનાવહુ ।
તૌ બહુર્યૌ આપુહી અધર પિય, સુધા સ્રવન પુટ પ્યાવહુ ॥

○ ○ ○

શ્રી ગોવરધન ગિરિ સઘન કંદરા, રૈનિ નિવાસ કિયૌ પિય પ્યારી ।
ઉઠિ ચલે ભોર સુરતિ રંગ ભીને, નઁદ-નંદન વૃષભાન-દુલારી ॥
ઇત બિગલિત કચ માલ મરગજી, અટપટે ભૂષન ભરગજી સારી ।
ઉતહી અધર મસિ પાગ રહી ફવિ, દુહૂઁ દિસિ છવિ બાઢી અતિ ભારી ॥
ઘૂઁમત આવત રતિ-રન જીતે, કરની સંગ ગજવર ગિરિધારી ।
'ચતુર્ભુજદાસ' નિરખિ દંપતિ છવિ, તન મન ધન કીનોં બલિહારી ॥

○ ○ ○

ઠાઁ હી ઠાઁ નાઁચત મોર, સુનિ સુનિ નવ વન કી ઘોર,
બોલત હૈં ઔર અતિ હી સુહાવને ।
ઘુમડન કી ઘટા નિહારિ, આગમ સુખ જિય વિચારિ,
ચાતક પિક મુદિત ગાવત દ્રુમનિ બૈઠિ સુહાવને ॥
નવલ બન પહિર તન કુસુંભી ચીર, કનક બરનિ સ્યામસુંદર,
સુભગ ઓઠ બસન પીત સુહાવને ।
પાવસ રિતૂ કૌ રંગ, બિલસિ 'ચતુર્ભુજ' પ્રભુ કે સંગ,
મોહન કોટિ અનંગ, ગિરિધર અંગ-અંગ સુહાવને ॥

○ ○ ○

યાહી તે ફિરત સદા બન ખોરી ।
મારગ જાત આન જુવતી સબ, કરત ચિતૈ ચિત ચોરી ॥
કબહુઁક મધુર સુનાથ બેંનુ સુર, રાખત એક ટક ભોરી ।
કબહુઁક અંચલ ગહત મંદ હઁસિ, સહજ લેત રસ જોરી ॥
ઉલટે નાઁહિ 'ચતુર્ભુજ' પ્રભુ તજિ, હારી મન હી નિહોરી ।
બાઢી પ્રીતિ લાલ ગિરિધર સોં, લોક-વેદ તૃન તોરી ॥

○ ○ ○

બૈઠેં મોહિ બનૈં ક્યોં માઈ ।
સુંદર સ્યામ ઈતહી પથ ચાહત, અતિ ચિત આતુરતાઈ ॥
તવ મુખ હાસ, બાસ હરિ કે જિય, તૌ હૌં વેગિ પઠાઈ ।
તૂ વિલંબ ઠાનત બહુ ઊપર, જાની હૈ ચતુરાઈ ॥
સોઈ બડ ભાગિ જુવતિ ત્રિભુવન મેં, જો મોહન-મન ભાઈ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન રસિકવર, અંગ-અંગ સુખદાઈ ॥

○ ○ ○

કહા ઓછી હ્વૈ જૈહૈ જાત ।
સુન જસુમતિ તુમ બડિયન આગૈ, જો છિન એક કઁમાન ॥
અતિ નીકૌ સત માય ભલાઈ, જો યા તનિકહુ કીજૈ ।
માત-પિતા કૌ નામ લિવાવત, લોક માંઝ જસ લીજૈ ॥
સાસ-નનદ અરુ પાર-પરૌસિન, હૂ બહુ ભાઁતિ કહ્યૌ ।
તૌઉ મોહિ તિહારે ગૃહ બિન, નાઁહિન પરત રહ્યૌ ॥
હઁસિ બોલો, સંકોચ કરો જિનિ, જબ તુમ સુતહિં ન્હવાઓ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન ચંદ કોં, મોપૈ હી ઉબટાઓ ॥

○ ○ ○

બદન ચંદ કૌ રૂપ, મમ લોચન કિયૌ ચાહત પાન ।
તૃષાવંત અતિ સહતિ ન અંતર, ગહતિ નાહિં બિનુ સમાધાન ॥
નિસિ-દિન ઇક ટક રહેં નિહારતિ, નૈંક ટરતિ નહિં અતિ લોભાન ।
'ચતુર્ભુજદાસ' પ્રભુ પુરહુ મનોરથ, રસિક રાય ગિરધરન સુજાન ॥

○ ○ ○

હા હા ઔર સુનૈગૌ કોઊ ।
બહુરિ ગ્વાલિ મુખ તેં જિનિ કાઢૈ, જો હમ જાનેં દોઊ ॥
બાલક કાન્હ નિપટ ભોરૌ હૈ, પાઁયન ચલન સિખાયૌ ।
તાકોં કહતિ ભવન અપુને મેં, ચોરી માખન ખાયૌ ॥
ઘર હૂ કરતિ કલેઊ ક્રમ-ક્રમ, જો કોઉ બહુત નિહોરૈ ।
સોં ક્યોં અનત સકુચ કૌ લરિકા, કંચુકી કે બંદ તોરૈ ॥
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન ચંદ કોં, ઝૂઠેહિં લાવતિ ખોરૈ ।
હ્વૈ હૈ કાહૂ ઔર ગોપ કૌ, ઇનહીં કે અનુહોરૈ ॥

○ ○ ○

રજની રાજ લિયૌ નિકુંજ નગર કી રાની ।
મદન મહીપતિ જીત મહા રન, શ્રમ-જલ સહિત જઁભાની ॥
પરમ સૂર સૌંદર્ય ભ્રકુટિ ધનુ, અનિયારે નૈન બાન સંધાની ।
'દાસ ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર રસ, સંપત્તિ બિલસી જ્યોં મન-માની ॥

○ ○ ○

ડગમગાત આએ નટ નાગર ।
કછુ જઁભાત અલસાત ભોર ભએ, અરૂન નૈન ઝૂમત નિસિ જાગર ॥
રસિક ગુપાલ સુરતિ-રન કૌ જસ, સકલ ચિહ્ન લાએ ઉર-કાગર ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિંધરન કુંજ-ગઢ, રતિપતિ જીત્યૌ રસ સુખસાગર ॥

○ ○ ○

પ્રાનપતિ બિહરતિ જમુના કૂલે ।
લુબ્ધ મકરંદ કે વસ ભયૌ ભઁવર જો, દેખિ રવિ ઉદૈ માનોં કમલ ફૂલે ॥
કરત ગુંજાર મુરલી લૈ જુ સાઁવરૌ, સુનત બ્રજ-બધૂ તન-સુધિ જુ ભૂલે ।
'ચતુર્ભુજદાસ' પ્રભુ જમુને પ્રેમ સિંધુ મેં, લાલ ગિરિધરન રાખિ ફૂલે ॥

○ ○ ○

હિંડોરના ભાઈ ઝૂલન કે દિન આએ ।
ગરજ-ગરજ ગગન દામિની દમકત, રાગ મલાર જમાએ ॥
કંચન ખંભ સુઢાર બનાએ, બિચ-બિચ હીરા લગાએ ।
ડાઁડી ચારી સુદેસ સુહાઈ, ચૌકિન હૈમ જરાએ ॥
રમકનીય ઝમકિની પિયારી, કિંકિન સબ્દ સુહાએ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન લાલ સઁગ, ભામિની મંગલ ગાએ ॥

○ ○ ○

હિંડોરે માઈ કુસુમિની ભાઁતિ બનાઈ ।
નવકિસોર મુરલીધર મૂરતિ, ઢિંગ રાધે સુખદાઈ ।
દાદુર, મોર, પપૈયા બોલત, ન્હૈંની-ન્હૈંની બૂઁદ સુહાઈ ।
ઝોટા દેતિ સકલ બ્રજ-સુંદરિ, પવન ચલત સુખદાઈ ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન લાલકી, યહ છવિ બરનિ ન જાઈ ॥

○ ○ ○

હિંડોરે માઈ ઝૂલત ગિરિવરધારી ।
બામ ભાગ વૃષભાનુ-નંદિની, પહરૈં કસૂંભી સારી ॥
બ્રજ-જુવતી ચહુઁ દિસિ તે ઠાડી, નિરખત તન-મન વારી ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન લાલ સઁગ, બાઢયૌ રંગ અતિ ભારી ॥

○ ○ ○

ઝૂલત લાલ ગોવરધન-ધારી, સોભા બરનિ ન જાઈ હો ।
બામ ભાગ વૃષભાનુ-નંદિની, નવ સત અંગ બનાઈ હો ॥
અતિ સુકુમારિ નારિ ડરપતિ હૈ, મોહન ઉર સોં લાઈ હો ।
નીલ પીત પટ મિલિ ફહરત હૈં, ઘન-દામિનિ જુરિ આઈ હો ॥
માનહુઁ તરુન તમાલ મિલન કોં, અંગ-અંગ મુરઝાઈ હો ।
ગૌર-સ્યામ મરકત-તન પરસત, કનક-બેલિ છવિ પાઈ હો ॥
સુરતિ સિંધુ મિલિ બિલસે દોઉ જન, સબ સહચરિ સુખ પાઈ હો ।
'ચતુર્ભુજદાસ' લાલ ગિરિધર-જસ, સુર-નર મુનિ મિલ ગાઈ હો ॥

○ ○ ○

બ્રજ પર ઉનઈ આજુ ઘટા ।
નઈ-નઈ બૂંદ સુહાવની લાગતિ, ચમકતિ બિજ્જુ છટા ॥
ગરજત ગગન મૃદંગ બજાવત, નાઁચત મોર નટા ।
ગાવતહી સુર દેત ચાતક-પિક, પ્રગટ્યૌ મદન-ઘટા ॥
સબ મિલિ ભેંટ દેત નંદલાલૈં, બૈઠે ઊઁચે અટા ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરન લાલ સિર, કસૂંભી પીત પટા ॥

○ ○ ○

મહાપ્રભુજીની

૮૪ બેઠકોનું ચરિત્ર

પ્રો. શાંતિલાલ મહેતા

મહાપ્રભુજીની ૮૪ બેઠકોનું સુંદર ચરિત્રવર્ણન, બેઠકજીના પ્રાકટ્ય અને સ્વરૂપની સમજ, દરેક બેઠકની વિસ્તૃત માહિતી અને તેનું કથાચરિત્ર સુંદર ભાષામાં આપેલ છે. ઉપરાંત ગુંસાઇજીની ૨૮ બેઠકો, ગોકુલનાથજીની ૧૩, હરિરાયજીની ૭, ગિરધરજીની ૪ તથા અન્ય ગોસ્વામી બાળકોની બેઠકો અને ચરણચોકીઓના ચરિત્રો છે.

વૈષ્ણવોને પ્રિય બને અને દરરોજ દર્શન કરી શકે તેવા મંગળા, સિંગાર, રાજભોગ, ઉત્થાપન, સંધ્યા, આરતી અને શયનનાં સુંદર ભાવવાહી રંગીન ચિત્રો ઉપરાંત વૈષ્ણવ આચાર્યોનાં અસલ રંગીન ચિત્રો

૪૦૦ પાનાનો ગ્રંથ.

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

પ્રવીણ પ્રકાશનના શ્રેષ્ઠ પ્રકાશનો

ભગવદ્‌ગોમંડલ ભા. ૧ થી ૯	ગુજરાતીનો મહાન જ્ઞાનકોશ	૪૦૦૦/-
ચંન્દ્રકાન્ત ૧-૨-૩	ઇચ્છારામ સૂ. દેસાઈ	૪૭૫/-
દ્વાદશ જ્યોતિર્લિંગ (બાર જ્યોતિર્લિંગનો સચિત્ર મહાન ગ્રંથ)		૬૦૦/-
પ્રવીણ સાગર	મહેરામણજી	૫૦૦/-
સિંહ દર્શન	ચંદ્રકાન્ત પટેલ	૪૫૦/-
વનસ્પતિશાસ્ત્ર	જયકૃષ્ણ ઇન્દ્રજી	૭૦૦/-
મેઘદૂતમ્ (પાંચ ભાષામાં)	મહાકવિ કાલિદાસ	૫૦૦/-
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫/-
આપણા પ્રતિનિધિ સારસ્વતો	ડૉ. રમેશ શુક્લ	૨૦૦/-
વિશ્વના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૩૦૦/-
ભારતના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૨૫૦/-
વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ	ડૉ. ભાયાણી	૩૫૦/-
ધર્મસિન્ધુ	(કર્મકાંડનો મહાન ગ્રંથ)	૨૦૦/-
સૌરાષ્ટ્રનો ઇતિહાસ	શંભુપ્રસાદ દેસાઈ	૨૦૦/-
પ્રાચીન ભૃગુસંહિતા	મહર્ષિ ભૃગુ	૩૦૦/-
પ્રભાતના પુષ્પો	વજુ કોટક	૧૨૫/-
શ્રીકાંત ૧ થી ૪	શરદબાબુ	૧૩૫/-
ગોરા ૧-૨	ટાગોર	૯૦/-
ગોદાન	પ્રેમચંદ	૭૨/-
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦/-
પ્રવાસ-ભારતી	(પ્રવાસ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ)	—
કલા-પાથેય (ચિત્રકલાનો ગ્રંથ)	કનુ નાયક	૧૫૦/-
નાચ્યો બહુત ગોપાલ	અમૃતલાલ નાગર	૧૨૭/-
ભારતનાં નારીરત્નો ભાગ ૧ થી ૪	શાંતિલાલ જાની	૨૧૫/-
આયુર્વેદની સોનેરી સિદ્ધિઓ	કાંતિભાઈ વૈદ્ય	૧૧૫/-
આઠોં જામ ખુમારી	અમૃત ઘાયલ	૩૫૦/-
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦/-
હોંકારો આપો તો કહું	રમેશ પારેખ	૧૫૦/-

પ્રવીણ પ્રકાશન, *લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.*